For Community Only

# નમસ્કાર ગુજરાત

USA Edition | Year 3 | Issue 25 | Saturday 17 February 2024 | Page 12

Editor-in-chief **Hiren Vyas** | Executive Editor **Nirav Govani** | Published by news online inc. (Weekly)

read epaper... **newsonlinelive.tv**



Gadgets ગુરૂ
Bajaj Pulsar N150 અને N160 ભારતમાં લોન્ચ 4

રાજ્યસભાના ભાજપના 4 ઉમેદવારોએ ફોર્મ ભર્યા,પાર્ટીએ ફરીએકવાર ચોંકાવ્યા 7



રકુલ 'શૂર્પણખા'ના રોલમાં જોવા મળશે, રણબીર સ્ટારર 'રામાયણ'માં એન્ટ્રી... 10

# જગતનો અન્નદાતા મુશ્કેલીમાં!

## એક વર્ષમાં વિશ્વના 65 દેશના ખેડૂતો દેખાવો કરવા મજબૂર

**1** જર્મની અને ફ્રાંસના ખેડૂતો ડિઝલ સબસિડી, ઓછા ભાવથી પરેશાન

**2** યુરોપિયન યુનિયનમાં યુક્રેનથી આવતા સસ્તા અનાજની સમસ્યામાં વધારો

**3** ભારતમાં અનેકવિધ માગણીના પગલે ખેડૂતોનું વિરોધ પ્રદર્શન

**છેલ્લા દોઢ દાયકામાં સમગ્ર વિશ્વમાં પહેલા કરતા ત્રણ ગણા વિરોધ પ્રદર્શન થયા છે. તેમાંથી 23 ટકા વિરોધ એવા હતા કે જે ત્રણ મહિના કે તેથી વધુ સમય સુધી ચાલ્યા. પરંતુ આ તમામ પ્રદર્શન સફળ નથી, તેના બદલે એક સેટ પેટર્ન છે. સંશોધન કહે છે કે માત્ર ચોક્કસ રીતે અને સંખ્યામાં યોજાયેલા પ્રદર્શનો જ તેમની માંગણીઓ સંતોષવામાં સક્ષમ છે...**



ભારતમાં ખેડૂતોનું નવી દિલ્લીની બોર્ડર પર આંદોલન



જર્મનીમાં અનેકવાર ખેડૂતોનું સરકારની નીતિ સામે આંદોલન

## ખેડૂતોને અનેક સમસ્યા છે પરંતુ ઉદ્યોગપતિની સરકાર તેમનું કંઈ સાંભળતી નથી.

■ સ્પેશિયલ રિપોર્ટ

ભારત જ નહી વિશ્વમાં કૃષિક્ષેત્રને મળી રહેલા પડકારો વચ્ચે ૬૫ થી વધુ દેશોના ખેડૂતો વિરોધએ છેલ્લા એક વર્ષ દરમિયાન પ્રદર્શન કર્યુ છે. ભારત ઉપરાંત દક્ષિણ અમેરિકા, યુરોપ અને આફ્રિકા ખંડમાં પણ ખેડૂતોની પરીસ્થિતિ નાજૂક બની છે. વર્તમાન વર્ષની શરુઆતથી જર્મની,ફ્રાંસ અને ઈટાલીના ખેડૂતોએ પોષણક્ષમ ભાવો અને ડિઝસ સબસિડી જેવા મુદ્દે પોતાના દેશમાં આંદોલન ચલાવી રહયા છે. કેટલાક અંશે સમાધાન થયું છે તેમ છતાં યુરોપિયન યુનિયન (ઈયુ)માં જોડાયેલા દેશોના ખેડૂતો પડતર માંગણીઓ માટે ટકાઉ સમાધાન ઈચ્છે છે. બેલ્જિયમમાં બેસેલ્સ ખાતે આવેલી યુરોપિયન યુનિયનના વડામથકે ટ્રેકટર રેલી કાઢીને ખેડૂતો દેખાવો કરેલા છે. યુરોપમાં યુક્રેનથી આવતા સસ્તા અનાજની સ્પર્ધા સ્થાનિક ખેડૂતો કરી શકતા નથી. છેલ્લા એક વર્ષ દરમિયાન દક્ષિણ અમેરિકાના ૬૭ ટકા દેશોના ખેડૂતો કોઈને કોઈ માંગણીઓ સાથે રસ્તા પર આવ્યા છે. આર્જેન્ટિનામાં અછતની સ્થિતિ સર્જાતા પાકના નુકસાન બદલ ખેડૂતો યોગ્ય વળતરની માંગણી કરી હતી. પાક નિષ્ફળ જવાથી ખેડૂતો આજે પણ દેવામાં ડૂબેલા છે.

**મધ્ય અમેરિકામાં પણ વિરોધ પ્રદર્શન** મધ્ય અમેરિકાની વાત કરીએ તો મેકિસકોના ખેડૂતો પોતાના દેશની સરકારથી સૌથી નારાજ રહયા છે. ખાસ કરીને મકાઈ અને ઘઉંના યોગ્ય દામ નહી મળતા હોવાની ફરિયાદ રહી છે.ગત સપ્ટેમ્બર મહિનામાં ચિહુઆહુઆ નામના દુષ્કાળગ્રસ્ત વિસ્તારના ખેડૂતોએ અમેરિકાને પાણીની નિકાસ કરવાના મુદ્દે નારાજ હતા. કોસ્ટારિકાના ખેડૂતો બેંકના દેવામાં જીવી રહયા હોવાથી રાહત પેકેજ ઝંખે છે. ભારતની વાત કરીએ તો ન્યૂનતમ સમર્થન મૂલ્ય (એમએસપી) હંમેશા મોટો મુદ્દો રહયો છે. માર્કેટમાં કૃષિ ઉપજના ભાવ સારા ના મળે ત્યારે સરકાર ટેકાના ભાવથી ખરીદી કરે છે પરંતુ એમએસપીને કાયદાનું સ્વરુપ આપવાની ખેડૂતોની માંગ રહી છે.

**સરકારના નિયમોની સામે રસ્તા પર ઉતર્યા** આફ્રિકા ખંડના ૨૨ ટકા દેશોમાં પણ ખેડૂતો આંદોલન કરતા રહયા છે. ગત સપ્ટેમ્બર મહિનામાં કેન્યામાં બટાટાની ખેતી કરતા ખેડૂતોએ યોગ્ય કિંમત ના મળતા બટાટા રસ્તા પર ફેંક્યા હતા. બેનિનમાં કોકોની ખેતી જમીન સંપાદનના કારણે નષ્ટ થઈ રહી છે. કેમરુન અને નાઈજીરિયામાં પણ કોકોની નિકાસ બંધ કરવાના સરકારના નિર્ણય સામે ખેડૂતોએ બાયો ચડાવી હતી. ન્યૂઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયા પણ ખેડૂત આંદોલનથી બાકાત રહયા નથી. ન્યૂઝિલેન્ડમાં ખાધ ઉત્પાદનો પર સરકારી નિયમોનો ખેડૂતોએ વિરોધ કરેલો છે. ઓસ્ટ્રેલિયામાં કિસાનોએ હાઈ વોલ્ટેજ અને ઓવર હેડ પાવર લાઈનો પોતાની જમીનમાંથી નાખવામાં આવતા વિરોધ પ્રદર્શન કર્યા હતા.

**દિલ્હી જેવા દ્રશ્યો ઈટાલીની રાજધાની રોમમાં જોવા મળ્યા** ઈટાલીમાં વિફરેલા ખેડૂતોએ રાજધાની રોમમાં દેખાવો કર્યા હતા.ખેડૂતોએ રોમના ઐતિહાસિક ગણાતા સર્કસ મેક્સિમસ પર હલ્લો બોલાવ્યો હતો.આ સ્થળની ચારે તરફ ખેડૂતોએ પોતાના ટ્રેકટરો દોડાવ્યા હતા.આ દરમિયાન પોલીસ અને ખેડૂતો વચ્ચે ઘર્ષણ પણ થયુ હતુ.ખેડૂતોનુ એક જૂથ ઈટાલીના વડાપ્રધાન જર્યોજ્યિા મેલોનીના કાર્યાલયની બહાર પણ એકઠુ થયુ હતુ. 26 જાન્યુઆરી, 2021ના રોજ દિલ્હીમાં જે પ્રકારના દ્રશ્યો જોવા મળ્યા હતા તે જ પ્રકારના દ્રશ્યો ઈટાલાની રાજધાનીમાં જોવા મળ્યા હતા.દિલ્હીની યાદ અપાવે તેવા દ્રશ્યો ઈટાલાની રાજધાની રોમમાં પણ જોવા મળ્યા હતા. યુરોપના 10 જેટલા દેશોમાં ખેડૂતો પોતાના દેશોની સરકાર સામે આંદોલન કરી રહ્યા છે અને તેમનો વિરોધ દિવસે ને દિવસે ઉગ્ર બની રહ્યો છે.

**પ્રદર્શનો પર રાખવામાં આવી રહી છે નજર** એક વેબસાઈટ છે - ગ્લોબલ પ્રોટેસ્ટ ટ્રેકર, જેનું કામ વિશ્વભરના પ્રદર્શનો વિશે જણાવવાનું છે. આ મુજબ, 2017 થી અત્યાર સુધીમાં, આવા 400 થી વધુ પ્રદર્શન થઈ ચૂક્યા છે, જે ખૂબ મોટા ગણી શકાય. આમાંના 23 ટકા વિરોધ ત્રણ મહિના કે તેથી વધુ સમય સુધી ચાલ્યા. આમાં ભારતનું નામ પણ સામેલ છે. ભૂતકાળમાં, શાહીન બાગ અને કૃષિ કાયદાની જેમ અહીં ઘણા મોટા સરકાર વિરોધી વિરોધ થયા હતા. ફરી એકવાર ખેડૂતો દિલ્હીની સરહદો પર એકઠા થયા છે.

**દોઢ દાયકામાં 3 હજારથી વધુ વિરોધ** છેલ્લા 15 વર્ષમાં ઘણા ફેરફારો થયા છે. દેખીતી રીતે જો ફેરફારો થશે, તો એવા ઘણા લોકો હશે જેઓ તેમની સાથે સહમત નહીં હોય. આ તે લોકો છે જે વિરોધ કરવા માટે બહાર આવે છે. બ્રિટિશ અમેરિકન અભ્યાસ કહે છે કે દોઢ દાયકામાં પ્રદર્શનોની સંખ્યામાં ત્રણ ગણો વધારો થયો છે. વર્લ્ડ પ્રોટેસ્ટ- એક અભ્યાસમાં જણાવાયું છે કે વર્ષ 2006 થી 2020 દરમિયાન 101 દેશોમાં 3 હજારથી વધુ વિરોધ પ્રદર્શનો થયા હતા.

## વિરોધના કારણો શું હોય છે

1 તેમાં બળવો હોઈ શકે છે, અથવા ચોક્કસ નીતિ સામે રોષ પણ હોઈ શકે છે.

2 જાતિ અથવા રંગવાદને લઈને વિરોધ પણ થયો છે. જેમ કે બ્લેક લાઈવ્સ મેટર ચળવળ અમેરિકામાં શરૂ થઈ, સમગ્ર વિશ્વમાં ફેલાઈ ગઈ.

3 મોટા ભાગના વિરોધ-આંદોલન ભ્રષ્ટાચાર અને મોંઘવારીને લઈને થયા છે. આત્યંતિક કિસ્સો એ છે કે સરકાર પોતે બદલાય છે.

4 ઘણા દેશોમાં કોઈ ચોક્કસ સમુદાય વિરુદ્ધ વિરોધ પ્રદર્શનો થઈ રહ્યા છે, કિર્ગિસ્તાનમાં ચીન વિરોધી આંદોલન થયું હતું.

5 પ્રદર્શનમાં વિદેશી એજન્ટો પણ સામેલ થઈ શકે છે. આનો અર્થ એ છે કે વિદેશી દળો સાથે મળીને દેશમાં કોઈપણ પ્રદર્શનને ઉશ્કેરે છે.

6 આબોહવા પરિવર્તન જેવા વૈશ્વિક મુદ્દાઓ પર પણ વિરોધ પ્રદર્શનો થયા છે, પરંતુ તે સામાન્ય રીતે નાના હોય છે.

## શું દરેક દેશમાં વિરોધ કરવાની છૂટ છે?

કેટલાક મધ્ય-પૂર્વીય અને સામ્યવાદી દેશો સિવાય લગભગ તમામ લોકશાહી દેશો શાંતિપૂર્ણ દેખાવોને મંજૂરી આપે છે. આમાં રશિયા, ચીન, ઉત્તર કોરિયા, અઝરબૈજાન, તુર્કમેનિસ્તાન, ઉઝબેકિસ્તાન, તાજિકિસ્તાન, કિર્ગિસ્તાન, બેલારુસ, ક્રિમીઆ અને પૂર્વી યુક્રેન સામેલ છે. જો કે રશિયામાં ફ્રીડમ ઑફ એસેમ્બલીની કલમ 31, રશિયન ફેડરેશન લોકોને શાંતિપૂર્ણ રીતે એકઠા થવાની, સભાઓ, રેલીઓ અને કૂચ કરવાની મંજૂરી આપે છે, પરંતુ સામાન્ય રીતે તેમાં ઘણા વળાંક આવે છે અને વિરોધીઓ ટૂંક સમયમાં વિખેરાઈ જાય છે.

## અહિંસક વિરોધને લોકોનું સમર્થન મળે છે

તોડફોડ વિનાના વિરોધને ઘણીવાર વધુ લોકોનું સમર્થન મળે છે કારણ કે તે સામાન્ય જીવનને અસર કરતું નથી. અમે તમને અહીં જણાવી દઈએ કે હિંસક વિરોધમાં માત્ર લડાઈનો સમાવેશ થતો નથી, પરંતુ તેમાં ખાનગી કે સાર્વજનિક સંપત્તિની તોડફોડ અને રસ્તાઓ બ્લોક કરવા જેવી બાબતોનો પણ સમાવેશ થાય છે. સરેરાશ ચાર ગણા વધુ લોકો અહિંસક વિરોધ તરફ આકર્ષાયા હતા. આમાં એક ખાસ નંબર પણ છે. જો કુલ વસ્તીના 3.5 ટકા પણ (રાજ્ય કે દેશ) કોઈપણ પ્રદર્શનમાં સક્રિયપણે ભાગ લે, તો તે સફળ થશે. ઉદાહરણ તરીકે, જો આપણે યુકે લઈએ, જો ત્યાંના લોકો સરકારને કંઈક માટે સંમત કરવા માંગતા હોય, તો બર્મિંગહામની વસ્તી ધરાવતા લોકોએ વિરોધમાં આવવું પડશે. દુનિયામાં અનેકવાર આંદોલન થાય છે પરંતુ તેમાંથી અમુક આંદોલન જ સફળ થાય છે.

જ્યાં જ્યાં વસે ગુજરાતી, ત્યાં સદાકાળ ગુજરાત

# 25 વર્ષ પહેલાં માતા-...ગુજરાતથી US આવ્યાં



# વાસણ ધોયાં, ફૂડ કોર્ટ ટ્રક ચલાવી, દીકરી US કોંગ્રેસની ચૂંટણી લડશે

■ વોશિંગ્ટન

યુએસના પિટ્સબર્ગમાં પોતાના સિંગલ પેરેન્ટ માતાને ફૂડ ટ્રક "ઈન્ડિયા ઑન વ્હીલ્સ"નું સંચાલન કરવામાં મદદ કરવાથી લઈને ઑક્સફોર્ડ યુનિવર્સિટીમાંથી અભ્યાસ પૂર્ણ કર્યા બાદ ટેક સ્ટાર્ટઅપ શરૂ કરવા સુધીની સફર ખેડનારી ભારતીય અમેરિકન ભાવિની પટેલ હવે યુએસ હાઉસ ઑફ રિપ્રેઝન્ટેટિવ માટે ચૂંટણી લડી રહી છે. ગત વર્ષે 30 વર્ષીય ભાવિની પટેલે પેન્સિલવેનિયાના 12માં કોંગ્રેસનલ ડિસ્ટ્રિક્ટમાંથી યુએસ કોંગ્રેસ માટે ચૂંટણી લડવાની જાહેરાત કરી હતી, જે અત્યારે ડેમોક્રેટિક પાર્ટીના સહકર્મી સમર લી પાસે છે. છેલ્લાં અનેક વર્ષોથી લી તેના જિલ્લામાં કેટલાક મુદ્દાઓ પ્રત્યે એના વલણ અને કાર્યવાહીને કારણે અપ્રિય બન્યા છે. ઉલ્લેખનીય છે કે સમર લી એવા કેટલાક સાંસદોમાંથી એક છે, જેમણે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી તરફથી કરાયેલા અમેરિકન કોંગ્રેસના ઐતિહાસિક સંયુક્ત સંબોધનનો વિરોધ કર્યો હતો. 23 એપ્રિલે થનારી પ્રાથમિક ચૂંટણી માટે ભાવિની પટેલે અત્યારસુધી $3,10,000ની રકમ એકત્ર કરી છે, મુશ્કેલીથી 70% રકમ રાજ્યની અંદરથી એકત્ર કરવામાં આવી છે.

**33 ચૂંટાયેલા અધિકારી તરફથી પણ સમર્થન પ્રાપ્ત:** તાજેતરમાં ભાવિની પટેલે એક ઈન્ટરવ્યૂમાં જણાવ્યું હતું કે અમને ખાસ કરીને સ્ટીમફિટર્સ, ઓપરેટિંગ એન્જિનિયર્સ અને SMART જે એક રેલરોડ ટ્રાન્સપોર્ટેશન યુનિયન છે, તેમના તરફથી સમર્થન મળવા ઉપરાંત મજૂરોનાં પણ અનેક યુનિયનનું સમર્થન પ્રાપ્ત થયુ છે. જ્યારે આપણે યુનિયનના સમર્થન વિશે વિચારીએ છીએ ત્યારે એ ખરેખર નોંધપાત્ર બાબત છે, ખાસ કરીને પેન્સિલવેનિયાથી આ બાબત વધુ નોંધપાત્ર છે, જ્યાં મજૂરોની ચળવણની તાકાતનો આટલો મજબૂત ઈતિહાસ રહેલો છે. તદુપરાંત તેમને અંદાજે 33 ચૂંટાયેલા અધિકારી તરફથી પણ સમર્થન પ્રાપ્ત થયું છે, જેમાં નાનાં શહેરોના મેયર સહિત કાઉન્સિલના સભ્યોનાં નામ પણ સામેલ છે. એક-એક વ્યક્તિ સાથે વાતચીત કરી છે. આ વિસ્તારના લોકો આ કેમ્પેનને સમર્થન આપવા માટે ખૂબ જ ઉત્સાહિત છે, જેમનો ઉદ્દેશ પેન્સિલવેનિયાને વિકાસના રસ્તા પર લઈ જવાનો છે. આ જિલ્લામાં રહેતા સમુદાયોને અનેક પડકારોનો સામનો કરવો પડી રહ્યો છે, જેમનું સમાધાન કરવું ખૂબ જ જરૂરી છે. પટેલ બાઈડનનાં સમર્થક છે.

**ભાવિની પટેલને ઑક્સફોર્ડમાં અભ્યાસ માટે સ્કોલરશિપ મળી હતી:** જણાવી દઈએ કે ભાવિની પટેલનાં માતા મૂળ ગુજરાતનાં છે. પોતાની માતાના સંઘર્ષને લઈને ભાવિની પટેલે જણાવ્યું હતું કે જ્યારે તેઓ આ દેશમાં આવ્યાં હતાં ત્યારે તેમની પાસે કંઈ હતું નહીં. તેમણે માત્ર મારો અને ભાઈનો ઉછેર કર્યો હતો. અમારે અલગ અલગ શહેરોમાં રહેવું પડ્યું હતું. મારી માતાએ ખૂબ જ સહન કર્યું છે. તેઓ રેસ્ટોરન્ટમાં વાસણ ધોવાથી લઈને મોટલ ઈન્ડસ્ટ્રી સુધી અનેક પ્રકારનાં કામ કરતી હતી. બાદમાં તેમણે વેસ્ટર્ન પેન્સિલ્વેનિયામાં ફૂડ ટ્રકનું કામ શરૂ કર્યું. મારો પરિવાર છેલ્લાં 25 વર્ષથી ફૂડ ટ્રકનું સંચાલન કરી રહ્યો છે. અમારી ફૂડ ટ્રકનું નામ ઈન્ડિયા ઑન વ્હીલ્સ છે. અમારો એક ફૂડ ટ્રક પિટ્સબર્ગની યુનિવર્સિટીના કેમ્પસમાં હતો અને બીજી કૉર્નેગી મેલન યુનિવર્સિટીના કેમ્પસમાં હતી. જણાવી દઈએ કે કૉલેજમાંથી સ્નાતક થયેલી ભાવિની પટેલ પરિવારની પહેલી વ્યક્તિ છે. તેને ઑક્સફોર્ડમાંથી માસ્ટર ડિગ્રીના અભ્યાસ માટે સ્કોલરશિપ પણ મળી હતી.

# USમાં 220 વર્ષ પછી અબજોની સંખ્યામાં બે પ્રજાતિના તીડ ત્રાટકશે



## 17 રાજ્ય પર સૌથી મોટું સંકટ સર્જાશે, ખેડૂતોની મુશ્કેલી વધશે

■ વોશિંગ્ટન

આપણે ભારતવાસીઓ તીડના આક્રમણથી વાકેફ છીએ. આ વખતે તીડનું આક્રમણ અમેરિકા પર થવા જઈ રહ્યું છે. સિકેડાસ નામે ઓળખાતા તીડની બે પ્રજાતિ એક સાથે પ્રગટી છે. તેના કારણે અમેરિકાનાં 17 રાજ્યોમાં ભય ફેલાયો છે. તીડની એક પ્રજાતિ દર 13 વર્ષે અને બીજી દર 17 વર્ષે ત્રાટકતી હોય છે પણ આ વખતે બન્ને પ્રજાતિનાં તીડ એક સાથે ત્રાટકશે. છેલ્લે આવી ઘટના 1803માં બની હતી, જ્યારે થોમસ જેફરસન અમેરિકાના (ત્રીજા) પ્રમુખ હતા. હવે પછી આવી ઘટના 2245માં બનશે. એક જ એકર જેટલા વિસ્તારમાં 15 લાખ તીડ સમાઈ શકતા હોવાથી આક્રમણ વખતે તેની સંખ્યા કેટલી હશે એ કલ્પના કરવી પણ અશક્ય છે. સામાન્ય રીતે આ તીડ ભૂગર્ભમાં રહેતા હોય છે અને ત્રણ કે પાંચ વર્ષે બહાર નીકળતા હોય છે. ઉનાળો એ તેમની બહાર આવવાની ઋતુ છે. આ વખતે મે મહિનામાં એ ત્રાટકે એવી આગાહી અમેરિકી હવામાન વિભાગ કરી ચૂક્યો છે.

અમેરિકી સરકારે 'સિકેડાસ સફારી' નામે એપ પણ બનાવી છે. નાગરિકોએ એ ડાઉનલોડ કરી છે, જેથી જાણી શકે કે પોતાના વિસ્તારમાં તીડ ક્યારે, ક્યાં, કેટલી માત્રામાં ત્રાટકશે. આ તીડ પાકને કે છોડ-વેલાને નુકસાન પહોંચાડે એવી શક્યતા ઓછી છે. અલબત્ત કેટલાંક વૃક્ષો તેમની પસંદનાં છે, તેને એ ખોરાક બનાવે છે. પરંતુ તેનાથી લોકોને કશો ખતરો નથી હોતો. અમેરિકી સરકાર આવી જાણકારી નાગરિકો સુધી પહોંચાડી રહી છે. જોકે તેની બે પાંખો ઘસાય તેનો અવાજ 90 ડેસિબલ જેટલો હોય છે જે સાંભળવો પણ અસહ્ય થઈ પડે. કરડતા પણ નથી માટે વિજ્ઞાનીઓએ લોકોને અપીલ કરી છે કે તેનાથી ડરવાને બદલે એ જોવાનો લહાવો લેજો. કેમ કે આવી તક ફરી આ જીવનમાં તો નહીં જ આવે, જ્યારે તમારી આસપાસ અબજો તીડ ઊડતાં હોય!

નમસ્કાર ગુજરાત
INDIA - USA - UK
NEW ZEALAND - AUSTRALIA

આપ આપના શહેરની પ્રેસનોટ અથવા કાર્યક્રમની માહિતી અથવા ફોટો અમને અમારા નીચેના ઈ-મેલ આઈડી પર મોકલી શકો છો.
**namashkargujarat@gmail.com**

**Publisher & Editor-in-Chief**
Hiren Vyas
+91 98982 65678

**Executive Editor**
**Marketing USA**
Nirav Govani
+1 (312) 686-5974

**Design**
Farhan Ajmerwala

**California Representative**
Ramanlal Patel
+1 (909) 205-6442

**Spl. Correspondent**
Sandip Hirpara
+91 90338 36330

**USA Office**
607, Burgess ct., Schaumburg, Illinois - 60194.

**Marketing India**
Mohit Hemilton +91 98799 18199
Het Vyas +91 95370 31696

**For Advertisement**
namashkargujarat@gmail.com

**India Office** 10th Floor, Shivalik Complex, Opp. Bank of Baroda, Panchvati Circle, Ambawadi, Ahmedabad - 380015.

**Disclaimer :** Namaskar Gujarat make no warranties or responsible as to the accuracy of the content and assumes no liability or responsibility for any error or omission in the content. Namaskar Gujarat is not responsible or liable for any claims made in advertisements or classifieds.Any question or comments concering advertisement or classifieds within this newspaper should be directed to the advertiser.The views,advice,opinions,and information in letters to the editor,analysis section,legal section or any other article in this publication are those of the writers and do not necessarily represent those of Namaskar Gujarat. All editorial rights reserved to News Online Cable Broadcasting Pvt. Ltd. Ahmedabad.

એનએચએઆઈને ઓથોરાઈઝ્ડ બેંકોની યાદીમાંથી હટાવી

# Paytm હવે ફાસ્ટેગ ઈશ્યૂ કરી શકશે નહીં, 29 ફેબ્રુઆરી સુધી ઉપયોગ શક્ય

## આવું કરવાથી 2 કરોડ યૂઝર્સને અસર થશે, હવે શું થશે?

હવે Paytm ફાસ્ટેગ યુઝર્સે નવું ફાસ્ટેગ લેવું પડશે. કારણ કે તેને જારી કરનાર નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI) ની સંસ્થા ઈન્ડિયન હાઈવે મેનેજમેન્ટ કંપની (IHMCL) એ પેટીએમ પેમેન્ટ બેંકને તેની નોંધાયેલ બેંકોની યાદીમાંથી દૂર કરી દીધી છે. એટલે કે Paytm હવે નવું Fastag જારી કરી શકશે નહીં. હવે તમારે તમારું Paytm ફાસ્ટેગ સરેન્ડર કરવું પડશે અને અધિકૃત બેંકમાંથી નવું ખરીદવું પડશે. Paytm પેમેન્ટ બેંક પર RBIની કાર્યવાહી બાદ IHMCLએ આ પગલું ભર્યું છે. તેનાથી લગભગ 2 કરોડ યુઝર પ્રભાવિત થશે.

32 બેંકોની યાદી બહાર પાડતી વખતે, IHMCLએ તેની X પોસ્ટમાં લખ્યું, 'Fastag સાથે મુશ્કેલીમુક્ત મુસાફરી કરો, નીચે આપેલી અધિકૃત બેંકોમાંથી આજે જ તમારું Fastag ખરીદો.' જો કે, જો તમારી પાસે પેટીએમનું ફાસ્ટેગ છે, તો તમે 29 ફેબ્રુઆરી સુધી તેનો ઉપયોગ કરી શકશો. પરંતુ આ દિવસ પછી તમારે નવું ફાસ્ટેગ લેવું પડશે. નિયમો અનુસાર, જો ફાસ્ટેગ દ્વારા ચુકવણી ન કરવામાં આવે તો ડબલ ટોલ ચૂકવવો પડશે.




### તમે PhonePe પરથી નવું ફાસ્ટેગ ઓનલાઈન પણ ઓર્ડર કરી શકો છો

■ PhonePe ખોલો અને અહીં Buy Fastag પર ટેપ કરો. ■ તમારો PAN, વાહન નોંધણી નંબર અને મોબાઈલ નંબર દાખલ કરો અને ચાલુ રાખો પર ટેપ કરો. ■ આગલા પેજમાં, વાહન નોંધણી નંબર અને મોડેલ નંબર દાખલ કરો અને ચાલુ રાખો પર ટેપ કરો. ■ તમારું વિતરણ સરનામું દાખલ કરો અને ચાલુ રાખો પર ટેપ કરો. ■ આ પછી તમારે પેમેન્ટ કરવાનું રહેશે. ■ **ફાસ્ટેગ ઓફલાઈન પણ લઈ શકાય છે** આ સિવાય તમે બેંક અથવા ફાસ્ટેગ ડિસ્ટ્રીબ્યુટર દ્વારા પણ ફાસ્ટેગ લઈ શકો છો. તમે ત્યાં જઈને જરૂરી દસ્તાવેજો આપીને અને નિર્ધારિત ફી ભરીને ફાસ્ટેગ મેળવી શકો છો.

## NEWS FILE

### 2023માં 14.6 લાખ સ્માર્ટફોનનું વેચાણ, મોંઘા સ્માર્ટફોનનો ટ્રેન્ડ



નવી દિલ્હી: એક તરફ જ્યાં વિશ્વભરમાં ગત વર્ષે સ્માર્ટફોનના જથ્થાબંધ વેચાણમાં 3.2%નો ઘટાડો થયો હતો ત્યારે ભારતમાં તેનું વેચાણ 1% વધ્યું હતું. ગ્લોબલ મોબાઈલ ફોન ટ્રેકર ઈન્ટરનેશનલ ડેટા કોર્પોરેશન (આઈડીસી) ના મંગળવારના રિપોર્ટ અનુસાર ગત વર્ષે દેશમાં 14.6 કરોડ સ્માર્ટફોનનું વેચાણ થયું હતું. ખાસ વાત એ છે કે સુપર પ્રીમિયમ સેગમેન્ટ એટલે કે 66 હજારથી ઉપરની કિંમતના સ્માર્ટફોનના વેચાણમાં 86%નો વધારો થયો હતો. સ્માર્ટફોનની એવરેજ સેલિંગ પ્રાઈઝ પણ 2022ની તુલનામાં 14% વધીને 21 હજાર રૂપિયાથી વધુ છે.

### PMS ડિસ્ટ્રીબ્યુટરો માટે હવે APMI રજીસ્ટ્રેશન ફરજિયાત

મુંબઈ : મૂડી બજાર નિયામક તંત્ર સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી) દ્વારા હવે પીએમએસ ડિસ્ટ્રીબ્યુટરો માટે પણ એસોસીયેશન ઓફ પોર્ટફોલિયો મેનેજર્સ ઈન ઈન્ડિયા (એપીએમઆઈ) સાથે રજીસ્ટ્રેશન ફરજિયાત કરવા પ્રસ્તાવિત કરાયું છે.પોર્ટફોલિયો મેનેજર્સના ગ્રાહકો માટે ડિજિટલ ઓનબોર્ડિંગ પ્રક્રિયા સરળ બનાવવા માટે આ રજીસ્ટ્રેશન ફરજિયાત કરવાનું અને પોર્ટફોલિયો મેનેજરો માટે બિઝનેસ કરવાનું સરળ કરવા પ્રોત્સાહનના હેતુંથી આ પહેલ કરાઈ છે.

## અદાણીએ રિયલ્ટીએ મુંબઈમાં 30,000 કરોડની બિડ જીતી

■ મુંબઈ

અદાણી રિયલ્ટીએ બાંદ્રા રિક્લેમેશન લેન્ડ પાર્સલના પુનઃવિકાસ માટે ટેન્ડર જીતી લીધું છે. અદાણી રિયલ્ટીએ રૂ. 30,000 કરોડની બિડ કરીને આ કોન્ટ્રાક્ટ જીત્યો છે. આ રેવન્યુ શેરિંગ મોડલ પર આધારિત ડીલ છે.અદાણી ગ્રુપની કંપનીએ રેવન્યુના 22.79% ઓફર કરીને સોદો જીત્યો હતો. જોકે, તેને મહારાષ્ટ્ર સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન (MSRDC)ની મંજૂરી મળવાની બાકી છે. તેની અંતિમ મંજૂરી અંગેનો નિર્ણય MSRDCની આગામી બેઠકમાં લેવામાં આવશે. બોર્ડની મંજૂરી પછી, અદાણી રિયલ્ટી આ પ્રોજેક્ટમાં ભંડોળ, પરવાનગી અને ક્લિયરન્સ લાવવાની સાથે MSRDCને બેન્ચમાર્ક રકમ તરીકે 8,000 કરોડ પ્રદાન કરશે. આ વિસ્તાર લગભગ 45 લાખ ચોરસ ફૂટમાં ફેલાયેલો છે. કંપની તેનો ઉપયોગ કોમર્શિયલ કે રેસિડેન્શિયલ પ્રોપર્ટી તરીકે કરી શકે છે. L&T રિયલ્ટી સહિત 18 કંપનીઓએ બિડ કરી હતી

## જાન્યુઆરીમાં ડોમેસ્ટિક એર ટ્રાફિક 1.25 કરોડ

### વાર્ષિક ધોરણે 4.69% નો વધારો થયો, માર્કેટમાં ઈન્ડિગોની ભાગેદારી સૌથી વધુ 60.2%

■ નવી દિલ્હી

સ્થાનિક એરલાઈન્સે જાન્યુઆરી 2024માં 1.31 કરોડ મુસાફરોને સેવા આપી છે. ગયા વર્ષે સમાન સમયગાળામાં સ્થાનિક હવાઈ ટ્રાફિકનો આંકડો 1.25 કરોડ હતો. 15 ફેબ્રુઆરીના રોજ ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન (DGCA) દ્વારા જાહેર કરાયેલા ડેટા અનુસાર, જાન્યુઆરી દરમિયાન વાર્ષિક ધોરણે (YOY) સ્થાનિક એરલાઈન્સના મુસાફરોની સંખ્યામાં 4.69% નો વધારો થયો છે.

જ્યારે જાન્યુઆરી 2024માં ડોમેસ્ટિક એરલાઈન્સનો કેન્સલેશન રેટ 3.67% હતો. માર્કેટ શેરના સંદર્ભમાં, દેશની સૌથી મોટી એરલાઈન, ઈન્ડિગોનો હિસ્સો જાન્યુઆરીમાં નજીવો ઘટીને 60.2% થયો હતો. આ પછી એર ઈન્ડિયા બીજા સ્થાને રહી, જેનો બજાર હિસ્સો 12.2% હતો. ડીજીસીએના ડેટા અનુસાર વિસ્તારા અને સ્પાઈસ જેટમાં સૌથી વધુ પેસેન્જર લોડ ફેક્ટર (PLF) હતું.

## દુબઈમાં 'ભારત માર્ટ'નો શિલાન્યાસ, ચીનને ઝટકો

■ દુબઈ

તાજેતરમાં પીએમ મોદીએ UAE ની મુલાકાત લીધી હતી. યુએઈમાં હિંદુ મંદિરના ઉદ્ઘાટન સાથે પીએમ મોદીએ ભારત માર્ટનો શિલાન્યાસ પણ કર્યો હતો. ભારત માર્ટ બાબતે એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે તે વૈશ્વિક અર્થવ્યવસ્થા અને સપ્લાય ચેઈનમાં ચીન સાથે સ્પર્ધા કરવાની ભારતની રણનીતિનો એક ભાગ છે. પીએમ મોદી અને UAEના ઉપરાષ્ટ્રપતિ મોહમ્મદ બિન રાશિદ અલ મક્તૂમે તેનો શિલાન્યાસ કર્યો હતો. આથી એવું કહી શકાય કે ભારત માર્ટનો ઔપચારિક શિલાન્યાસ હમણાં જ થયો છે. તેમજ તેનું નિર્માણ કાર્ય પણ હજુ શરુ જ થયું છે, તેનો સંપૂર્ણ કોન્સેપ્ટ હજુ જાહેર થયો નથી. તેમ છતાં ટૂંક સમયમાં બાંધકામ શરુ થતા જ આવતા વર્ષે તેની કામગીરી શરૂ કરે તેવી ધારણા છે.

તેના નામ મુજબ ભારત માર્ટ એક માર્ટ જેવું હશે. જે ભારતીય નિકાસકારોને એક છત નીચે તેમના વિવિધ ઉત્પાદનોનું પ્રદર્શન કરી શકે તે માટે દુબઈમાં આંતરરાષ્ટ્રીય પ્લેટફોર્મ પૂરું પાડશે.

### હવે ફ્રાન્સ, રશિયા, યુએઈમાં પણ ચાલશે ભારતનો સિક્કો




નવી દિલ્હી: ભારતીય પેમેન્ટ સિસ્ટમ UPIને ઘરેલુ સ્તરની સાથે-સાથે વૈશ્વિક સ્તર પર પણ મોટી સફળતા મળી રહી છે. તાજેતરમાં જ મોરેશિયસ અને શ્રીલંકામાં UPIને લોન્ચ કરવામાં આવ્યુ હતું. ત્યારબાદ હવે આવા દેશોની સંખ્યા 10ને પાર થઈ ગઈ છે. જ્યાં UPIનો ઉપયોગ કરી શકાય છે. આ પહેલા જાન્યુઆરીમાં ફ્રાન્સમાં UPI શરૂ કરવામાં આવ્યુ હતું. ત્યારબાદ તમે પેરિસના એફિલ ટાવરની ટિકીટ સરળતાથી ખરીદી શકો છો.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શ્રીલંકા અને મોરેશિયસમાં UPI સર્વિસ શરૂ થવાના અવસર પર કહ્યું કે, આજે હિન્દ મહાસાગર ક્ષેત્રના ત્રણ મિત્ર દેશો માટે એક વિશેષ દિવસ છે.

## જાપાનમાં મંદી, અર્થતંત્ર ચોથા સ્થાને પહોંચ્યું « જર્મની હવે વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની ગઈ

### નબળા ચલણ-ઘટતી વસ્તીને કારણે જાપાન પાછળ ગયું

■ ટોક્યો

જાપાનની અર્થવ્યવસ્થા સતત બે ક્વાર્ટરથી મંદીમાં સપડાઈ છે. આ કારણે તેની અર્થવ્યવસ્થા વિશ્વમાં ત્રીજા સ્થાનેથી ખસકીને ચોથા સ્થાને પહોંચી ગઈ છે. જર્મની હવે વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની ગઇ છે.

જાપાન હાલમાં નબળા ચલણ, વધતી ઉંમર અને ઘટતી વસ્તી સાથે સંઘર્ષ કરી રહ્યું છે. અગાઉ 2010માં ચીનની અર્થવ્યવસ્થાના વિકાસને કારણે જાપાન બીજાથી ત્રીજા સ્થાને પહોંચી ગયું હતું. અમેરિકાની અર્થવ્યવસ્થા વિશ્વમાં પ્રથમ ક્રમે છે. જાપાનની કેબિનેટ ઓફિસ દ્વારા જાહેર કરાયેલા ડેટા અનુસાર, દેશની જીડીપી એક વર્ષ અગાઉની સરખામણીમાં 2023ના છેલ્લા ત્રણ મહિનામાં અપેક્ષા કરતાં 0.4% વધુ સંકોચાઈ છે. અગાઉના ત્રિમાસિક ગાળામાં અર્થતંત્ર 3.3% ઘટ્યું હતું. જો કે, યેનની નબળાઈએ જાપાનની કેટલીક મોટી કંપનીઓના શેરના ભાવને વધારવામાં મદદ કરી છે કારણ કે તે વિદેશી બજારોમાં દેશની નિકાસને સસ્તી બનાવે છે.

### બે ત્રિમાસિક ગાળામાં અર્થતંત્રનું સંકોચન એટલે મંદી વધી ગઇ




જો કોઈપણ દેશની અર્થવ્યવસ્થા સતત બે ત્રિમાસિક ગાળા માટે સંકોચાય છે, તો તેને તકનીકી રીતે મંદી ગણવામાં આવે છે. ઓક્ટોબરમાં, ઈન્ટરનેશનલ મોનેટરી ફંડે આગાહી કરી હતી કે જર્મની વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની શકે છે.

**જાપાનની અર્થવ્યવસ્થા લગભગ 4.2 ટ્રિલિયન ડોલર છે** અર્થશાસ્ત્રી નીલ ન્યુમેનના જણાવ્યા અનુસાર, નવા આંકડા દર્શાવે છે કે 2023માં જાપાનનું અર્થતંત્ર $4.2 ટ્રિલિયનની આસપાસ રહેશે, જ્યારે જર્મનીની અર્થવ્યવસ્થા $4.5 ટ્રિલિયન હશે.

**જાપાનમાં મંદીના કારણો** ■ ડોલર સામે જાપાનના ચલણ યેનમાં સતત નબળાઈ. ■ નબળા યેનને કારણે નિકાસ નફામાં ઘટાડો. ■ જાપાન પણ મજૂરોની અછત અને ઘટતા જન્મદર સાથે સંઘર્ષ કરી રહ્યું છે. ■ યેનની નબળાઈથી કેટલીક મોટી કંપનીઓને ફાયદો થાય છે

## તંત્રીસ્થાનેથી...

# સાઉથ V/s નોર્થ : નાણાની ફાળવણીનો મુદ્દો સ્ફોટક બની શકે




કેન્દ્ર સરકારે લોકસભાની ચૂંટણી પહેલાં રજૂ કરેલા વચગાળાના બજેટે દક્ષિણ ભારતનાં રાજ્યોને નાણાંની ફાળવણીમાં થઈ રહેલા કહેવાતા અન્યાય સામેના અસંતોષને બહાર લાવી દીધો છે. આ કહેવાતા અન્યાય સામે પહેલાં કર્ણાટકની સિધ્ધરામૈયા સરકારે દિલ્હીમાં તમામ ધારાસભ્યો સાથે ધરણાં કર્યાં ને પછી કેરળની પિનારાયી વિજયનની સરકારે પણ તમામ ધારાસભ્યો સાથે ધરણાં કર્યાં. આ વિરોધ માત્ર રાજકીય પાર્ટીઓ પૂરતો મર્યાદિત નથી રહ્યો પણ સોશિયલ મીડિયા પર પણ આ વાવર ફેલાયો છે. દક્ષિણ ભારતનાં રાજ્યોના લોકો સોશિયલ મીડિયા પર આ કહેવાતા અન્યાય સામે આક્રોશ ઠાલવી રહ્યાં છે.

બેંગલુરૂના આઈટી પ્રોફેશનલ્સના બનેલા આઈટી કન્નડા એસોસિએશને આ કહેવાતા અન્યાયની વાતમાં સૂર પૂરાવીને સોશિયલ મીડિયા પર ઝુંબેશ શરૂ કરતાં ★SouthTaxMovement અને ★MyTaxMyRight એ બે હેશટેગ ટ્રેન્ડ કરી રહ્યાં છે. સોશિયલ મીડિયા પર જે રીતે લોકો કોમેન્ટ્સ કરી રહ્યાં છે એ જોતાં 'દક્ષિણનાં રાજ્યોને અન્યાય' બહુ મોટો મુદ્દો બની રહ્યાનાં એંધાણ છે. સિધ્ધરામૈયા અને વિજયન બંને ભાજપ વિરોધી પક્ષોના મુખ્યમંત્રી છે તેથી લોકસભાની ચૂંટણીમાં કેન્દ્ર દ્વારા અન્યાયના મુદ્દાને ચગાવવા આ તરકટ કરાઈ રહ્યું છે એવો પણ ભાજપના નેતાઓનો દાવો છે. જો કે સોશિયલ મીડિયા પર જે રીતે આ મુદ્દો ગાજી રહ્યો છે એ જોતાં આ મુદ્દો રાજકીય વિરોધનો ના રહેતાં એક માસ મૂવમેન્ટ બની જાય એવાં એંધાણ છે તેથી તેને હળવાશથી લેવા જેવો નથી. આ મુદ્દો દેશના લોકોને સામસામે મૂકી દે એવો ખતરનાક છે. ભારતમાં ઉત્તર ભારત વર્સીસ દક્ષિણ ભારતની લડાઈ લાંબા સમયથી ચાલ્યા કરે છે. હિંદીને દક્ષિણ ભારતના રાજ્યો પર થોપવા સહિતના મુદ્દે જંગ ચાલ્યા જ કરે છે. આ મુદ્દો એ જંગને વધારે ભડકાવી શકે છે.

ભાજપ કહે છે એ રીતે દક્ષિણનાં રાજ્યો માત્ર રાજકીય કારણોસર આ મુદ્દાને ભડકાવી રહ્યાં છે એવું નથી. ઉત્તર પ્રદેશ અને બિહાર જેવાં રાજ્યોને દેશની જીડીપી કે કરવેરામાં ઓછું યોગદાન આપવા છતાં વધારે ફાળવણી થાય છે એ વાસ્તવિકતા છે. તેનું કારણ ૧૫મા નાણાં પંચે કેન્દ્ર સરકાર દ્વારા ઉઘરાવાતા કરવેરાની આવકની વહેંચણી માટે આપેલી ફોર્મ્યુલા છે. પહેલાંનાં નાણા પંચે ૧૯૭૧ની વસતીને આધાર બનાવીને ફાળવણીની ફોર્મ્યુલા આપી હતી જ્યારે નવી ફોર્મ્યુલામાં ૨૦૧૧ની વસતીને આધાર બનાવાઈ છે તેથી ઉત્તર પ્રદેશ અને બિહાર ફાવી ગયાં છે.

છેલ્લાં ૪૦ વર્ષમાં આ બંને રાજ્યોમાં બેફામ વસતી વધારો થયો છે તેથી બંનેને વધારે નાણાં ફાળવાય છે. સામે જે રાજ્યોમાં વસતી એટલી વધી નથી તેમની ફાળવણી ઘટી છે તેથી તેમને અન્યાય થાય છે એવી લાગણી પેદા થઈ રહી છે. દક્ષિણ ભારતમાં રાજ્યોના અસંતોષનું એક કારણ એ પણ છે કે, ઉત્તર પ્રદેશ અને બિહાર વસતી વધારાને રોકવામાં નિષ્ફળ રહ્યાં તેની કિંમત અમારે શું કરવા ચૂકવવી જોઈએ ? ગુજરાત સહિતનાં રાજ્યોને પણ ટેક્સ કલેક્શનના પ્રમાણમાં ઓછી ફાળવણી થાય છે પણ ભાજપનું શાસન હોય આ રાજ્યો પોતાને અન્યાય થાય છે એવું બોલી શકે તેમ નથી. સિધ્ધરામૈયાએ તો વચગાળાના બજેટમાં કરાયેલી ફાળવણીના આંકડા પણ આપ્યા છે.

આ આંકડા પ્રમાણે એકલા ઉત્તર પ્રદેશને ચાલુ નાણાંકીય વર્ષમાં ૨.૧૯ લાખ કરોડ રૂપિયા મળશે જ્યારે દક્ષિણ ભારતમાં પાંચ રાજ્યો કર્ણાટક, આંધ્ર પ્રદેશ, તમિલનાડુ, કેરળ અને તેલંગાણાને મળીને ૧.૯૩ લાખ કરોડ રૂપિયા મળશે. સિધ્ધરામૈયાએ એવો દાવો પણ કર્યો છે કે, કર્ણાટકે કેન્દ્ર સરકારને ૪.૩૦ લાખ કરોડ રૂપિયા ટેક્સ પેટે આપ્યા છે પણ સામે તેને માત્ર ૫૦,૨૫૭ કરોડ રૂપિયાની જ ફાળવણી કરાઈ છે. સિધ્ધરામૈયાનો ટેક્સ કલેક્શન વિશેનો દાવો અતિશયોક્તિભર્યો છે પણ કર્ણાટક ટેક્સ કલેક્શનમાં યુપીથી વધારે અને જીડીપીમાં યુપી જેટલું જ યોગદાન આપે છે તેમાં બેમત નથી. કર્ણાટક અને તમિલનાડુ બંને દેશની જીડીપીમાં સૌથી વધારે યોગદાન આપતાં ટોપ ફાઈવ સ્ટેટમાં આવે છે. મહારાષ્ટ્ર દેશમાં સૌથી વધારે જીડીપી ધરાવતું રાજ્ય છે જ્યારે તમિલનાડુ બીજા નંબરે છે. ગુજરાત ત્રીજા નંબરે છે જ્યારે ઉત્તર પ્રદેશ ચોથા અને કર્ણાટક પાંચમા નંબરે છે.

# પાક.માં 2024ની ચૂંટણીના પરિણામ, નવાઝ-બિલાવલના અરમાન અધૂરા, ઈમરાન શું કરશે?

## વિચાર મંથન




**પાકિસ્તાનની** નેશનલ એસેમ્બલીની ૨૬૫ બેઠકોની ચૂંટણીનાં પરિણામ આવી ગયાં. આ પરિણામોએ એક તરફ પાકિસ્તાનની હકીકત આખી દુનિયા સામે ઉઘાડી કરી દીધી છે તો બીજી તરફ પાકિસ્તાનીઓ લશ્કરને અને આતંકવાદીઓને જરાય પસંદ કરતાં નથી એ પણ સ્પષ્ટ કરી દીધું છે. લશ્કર પોતાની કઠપૂતળીઓને સત્તામાં બેસાડવા માગતું હતું પણ પાકિસ્તાનની પ્રજાએ તેમને લાત મારીને ફેંકી દીધા છે. એ જ રીતે લોકોના મત મેળવીને સત્તા કબજે કરવામાં સપનાં જોતા આતંકવાદી સરદાર હફીઝ સઈદની પાર્ટીને પણ લાત મારીને ફેંકી દીધી છે.

પાકિસ્તાની લશ્કર જેને જરાય પસંદ કરતું નથી એવા ઈમરાન ખાનના સમર્થકોને સૌથી વધારે જીતાડીને પાકિસ્તાનીઓએ પાકિસ્તાની લશ્કરના મોં પર સણસણતો તમાચો મારી દીધો છે. પાકિસ્તાનના લશ્કરે ભ્રષ્ટાચારના કેસમાં સજા થતાં દેશ છોડીને ભાગી ગયેલા ને સાત વર્ષે પાછા આવેલા નવાઝ શરીફને ગાદી પર બેસાડવા પૂરી તાકાત લગાવી દીધેલી.

ઈમરાનના સમર્થકોને જેલમાં ધકેલવાથી માંડીને મતગણતરી વખતે ઈમરાનના સમર્થકોને મળેલા મતો રદ કરાવવા સુધીના ધંધા લશ્કરે કર્યા છે. નવાઝ શરીફની પાર્ટીના ઉમેદવારો જીત્યા છે એવી ઘણી બેઠકો પર તો શરીફના ઉમેદવારની જીતના માર્જિન કરતાં રદ થયેલા મતોની સંખ્યા ડબલથી પણ વધારે છે. લશ્કરે શરીફને જીતાડવા માટે ચૂંટણી પંચને પણ પોતાના ઈશારે નચાવ્યું.

લશ્કરની દાદાગીરી સામે ઝૂકીને પંચે મતગણતરીમાં વિલંબ કરાવ્યો, ઈન્ટરનેટમાં ગરબડ હોવાથી પરિણામો જાહેર કરવામાં મોડું થયું છે એવાં વાહિયાત બહાનાં કાઢીને શરીફની પાર્ટીને મતપેટીઓમાં ઘાલમેલ કરવા સમય આપ્યો. બીજું પણ ઘણું કર્યું પણ પાકિસ્તાનીઓએ શરીફને પસંદ કર્યા જ નથી તેથી આ બધા ઉધામા છતાં શરીફ સત્તાથી દૂર રહી ગયા. નવાઝ શરીફની મુસ્લિમ લીગ ગરબડ ગોટાળા કરીને ૨૬૫માંથી ૬૯ બેઠકો જીતી છે પણ સ્પષ્ટ બહુમતીથી બહુ દૂર છે, બલ્કે બહુમતી માટે જરૂરી ૧૩૩ બેઠકોથી અડધે જ પહોંચી શકી છે.

પાકિસ્તાનના લશ્કરને ઈમરાન ખાન ધોળે ધરમેય ખપતો નથી. લશ્કરે કાવતરું કરીને ઈમરાનને ઘરભેગો કર્યો પછી પોતાની કઠપૂતળી જેવા શાહબાઝ શરીફને ગાદી પર બેસાડેલા. ઈમરાનને સાવ પતાવી દેવા ભ્રષ્ટાચારના આરોપમાં જેલભેગો કર્યો. ઈમરાનના સમર્થકોની સહાનુભૂતિ ઈમરાન ખાનની પાર્ટી પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ (પીટીઆઈ)ને ના મળે એટલે તેને ચૂંટણી લડવા ગેરલાયક ઠેરવવામાં આવી. ઈમરાનને ચૂંટણી લડવાથી દૂર રાખવા તેની સામેના કેસો ધડાધડ ચલાવડાવીને ત્રણ કેસમાં તેને સજા પણ કરાવડાવી દીધી.

લશ્કરે ઈમરાનને પતાવવા શરૂ કરેલા અભિયાનના કારણે ઈમરાનની પાર્ટી પીટીઆઈ તો ચૂંટણી નહોતી લડી પણ ઈમરાનના સમર્થકો અપક્ષ તરીકે ઉભા રહેલા. ૨૬૫ બેઠકોમાંથી ૧૧૦ બેઠકો જીતીને ઈમરાનના સમર્થકો છવાઈ ગયા છે. સ્પષ્ટ બહુમતી માટે ઈમરાનની પાર્ટીનો પનો પણ ટૂંકો પડી ગયો છે પણ લશ્કર જે રીતે ઈમરાનની પાછળ ખાઈખપૂચીને પડેલું એ જોતાં ઈમરાનનો રાજકારણમાંથી કાંટો જ નિકળી જશે એવી ધારણા સાવ ખોટી પડી છે.

લશ્કરે ઈમરાનને ઘરભેગો કરવા નવાઝ શરીફની મુસ્લિમ લીગ અને રાજકારણ કરતાં લફરાંબાજીના કારણે વધારે ચર્ચામાં રહેતા બિલાવલ ભુટ્ટોની પાકિસ્તાન પીપલ્સ પાર્ટી (પીપીપી) વચ્ચે સમાધાન કરાવેલું પણ અત્યારે જે પરિણામો આવ્યાં છે તેમાં તો શરીફ અને બિલાવલ ભુટ્ટો હાથ મિલાવે તો પણ સરકાર રચી શકે તેમ નથી કેમ કે પીપીપીને ૫૧ બેઠકો મળી છે. શરીફ અને બિલાવલની મળીને ૧૨૦ બેઠકો થાય છે. બિલાવલ પહેલાં જ કહી ચૂક્યા છે કે, આ વખતે પંજાબમાંથી વડાપ્રધાન નહીં બને એ જોતાં બિલાવલ નવાઝ શરીફને ટેકો આપે એવી શક્યતા નથી. નવાઝ શરીફ આબરૂ ટકાવવા માટે બિલાવલને વડાપ્રધાન બનાવવા તૈયાર થાય તો વાત અલગ છે, બાકી નવાઝ શરીફ વડાપ્રધાન બને એવી કોઈ શક્યતા અત્યારે તો દેખાતી નથી.

નવાઝ શરીફે ભ્રષ્ટાચાર કરી કરીને જાડો રૂપિયો ભેગો કર્યો છે. એ પોતે બિઝનેસમેન પરિવારમાંથી આવે છે તેથી પોતાનો રૂપિયો પણ ઓછો નથી. શરીફ અત્યારે પાકિસ્તાન આર્મીના પણ લાડકા છે. પાકિસ્તાન આર્મી સત્તા પર પોતાનો કબજો રહે એ માટે કોઈ પણ હદે જતાં વિચાર કરતું નથી. આ સંજોગોમાં પાકિસ્તાન આર્મીના મસલ પાવર અને શરીફના મની પાવરના કારણે શરીફ સત્તામાં આવી જાય એવી શક્યતા નકારી ના શકાય. ઈમરાનના સમર્થક અપક્ષોને ધમકાવીને કે ખરીદીને શરીફ સત્તામાં બેસવાનો જુગાડ કરી લે એવી પૂરી શક્યતા છે પણ સીધી રીતે શરીફ સત્તામાં આવી શકે તેમ નથી, પાકિસ્તાનની પ્રજાએ તેમને નકારી જ કાઢ્યા છે.

પાકિસ્તાનમાં હવે કોની સરકાર રચાશે એ થોડા દિવસોમાં સ્પષ્ટ થઈ જશે પણ આ પરિણામોએ પાકિસ્તાનની હકીકત આખી દુનિયા સામે ઉઘાડી કરી દીધી છે. ભારત અને પાકિસ્તાનમાં શું ફરક છે એ પણ સ્પષ્ટ કરી દીધું છે. ભારત આઝાદીનાં ૭૫ વર્ષ પછી દુનિયાનો સૌથી મોટો લોકશાહી દેશ છે જ્યારે પાકિસ્તાનમાં કહેવા પૂરતી લોકશાહી છે, બાકી રીતસરની ઠોકશાહી અને લશ્કરની દાદાગીરી ચાલે છે.

મતદાન વખતે થયેલી હિંસા, ચૂંટણીમાં મોટા પાયે થયેલી ગરબડો અને લોકોએ ફગાવી દીધેલા નવાઝ શરીફને જીતાડવા માટે કરાયેલી ઘાલમેલે સાબિત કરી દીધું છે કે, પાકિસ્તાન 'બનાના રીપબ્લિક' છે. 'બનાના રીપબ્લિક'નો અર્થ છે એવો દેશ કે જે ગરીબીમાં સબડે છે, એકદમ ભ્રષ્ટ છે અને શાસન જેવું કશંક છે જ નહીં. પાકિસ્તાન ગરીબ અને ભ્રષ્ટ છે એ પહેલાં જ સાબિત થઈ ગયેલું. હવે શાસન નથી એ પણ સાબિત થઈ ગયું.

નેશનલ એસેમ્બલીની ચૂંટણીમાં મોટા પાયે થયેલી ગરબડોને કારણે અત્યારે આખી દુનિયા પાકિસ્તાન પર થૂ થૂ કરી રહી છે. અમેરિકા, યુરોપીયન યુનિયન, યુકે સહિતના દેશોએ તો ચૂંટણીમાં થયેલા ગેરરીતિઓની તપાસ કરવા પણ કહ્યું છે. પાકિસ્તાનમાં લોકશાહીના ધજાગરા ઉડી ગયા એ અંગે ચિંતા પણ વ્યક્ત કરી છે પણ પાકિસ્તાન પર તેની અસર થવાની શક્યતા નથી.

## નાટો મુદ્દે બાઈડન-ટ્રમ્પ આમને-સામને; ટ્રમ્પની ટિપ્પણીઓ દેશ માટે ખતરનાક : બાઈડન

# તો શું નાટો ટ્રમ્પ માટે બોજ છે?




**અમેરિકામાં** ચૂંટણીના પડઘમ વચ્ચે નિવેદનબાજીનો દોર શરૂ થયો છે. રાષ્ટ્રપતિ જો બાઈડને એક નિવેદનમાં અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને નિશાને લીધા. તેમણે એક નિવેદનમાં કહ્યું કે જ્યારે અમેરિકા જ્યારે કોઈ વાતને લઈને વચન આપે તો તેને કાયમ માટે પાળે છે અને નાટો અમારા માટે પવિત્ર પ્રતિબદ્ધતા છે. જોકે ડોનાલ્ડ ટ્રમ્પ તેને બોજ તરીકે જુએ છે. તેમણે કહ્યું કે, જ્યારે તેઓ નાટો તરફ જુએ છે ત્યારે તેમને એવું ગઠબંધન દેખાતું નથી જે અમેરિકા અને સમગ્ર વિશ્વનું રક્ષણ કરે. આ સાથે તેમણે પોતાના પુરોગામી ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા કરવામાં આવેલી ટિપ્પણીઓને ખતરનાક પણ ગણાવી અને કહ્યું કે આ 74 વર્ષ જૂનું સંગઠન અમેરિકા માટે એક પવિત્ર પ્રતિબદ્ધતા છે. અને જ્યાં સુધી હું પ્રમુખ છું અને પુતિન નાટોના કોઈપણ દેશ પર હુમલો કરશે તો અમેરિકા નાટોના એક-એક ઈંચ વિસ્તારની રક્ષા કરશે. તાજેતરમાં, દક્ષિણ કેરોલિનામાં એક રેલીમાં, ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું હતું કે તેઓ નાટો સહયોગીઓને તેમના સંરક્ષણ ખર્ચમાં વધારો કરવા માટે કહેશે નહીં અને એ દેશો પર હુમલો કરવા માટે રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનને પ્રોત્સાહિત કરશે.

વ્હાઈટ હાઉસ દ્વારા જાહેર કરવામાં આવેલા નિવેદનમાં ટ્રમ્પના નિવેદનને નાટો અને અમેરિકન હિતોની વિરુદ્ધ ગણાવાયુ છે. એક અધિકારીએ ન્યૂયોર્ક પોસ્ટને કહ્યું કે, આ પ્રકારનું નિવેદન અમેરિકાના હિતોને મોટું નુકસાન પહોંચાડી શકે છે. હાલમાં, વિશ્વની વર્તમાન સુરક્ષા અને નાટોનું મહત્વ ઘણું વધારે છે. તેથી આવા નિવેદનથી ટ્રમ્પે બચવું જોઈએ. વાત ત્યા સુધી પહોંચી કે, અમેરિકાના સૌથી મહત્વપૂર્ણ સહયોગી નાટોના સભ્યો પણ આ નિવેદનથી નારાજગી વ્યક્ત કરી છે. અને નાટોના કેટલાક સભ્યોએ આ અંગે અમેરિકી સરકારને ફરિયાદ પણ કરી છે. જો ટ્રમ્પ આવી નિવેદનબાજી કરશે તો ચૂંટણીમાં જીત મળવી ટ્રમ્પ માટે મુશ્કેલ છે. આમ તો ટ્રમ્પ આવા નિવેદન કરીને હંમેશા ચર્ચામાં રહે છે. અને તેનું નુકસાન ઘણીવાર ટ્રમ્પ ભોગવી ચૂક્યા છે.અમેરિકામાં આ વર્ષે રાષ્ટ્રપતિ પદની ચૂંટણી યોજાવાની છે.તે પહેલાં ડેમોક્રેટિક અને રિપબ્લિક પાર્ટીમાં ચૂંટણી પ્રચાર પૂરજોશમાં ચાલી રહ્યો છે. જેમાં અનેક રાજ્યોમાં ચૂંટણીમાં બાઈડન અને ટ્રમ્પ જીત પણ મેળવી ચૂક્યા છે. જેમાં ડેમોક્રેટિક પાર્ટી તરફથી જો બાઈડન સૌથી આગળ ચાલી રહ્યા છે. જ્યારે રિપબ્લિકન પાર્ટીમાં ડોનાલ્ડ અને નિક્કી હેલી વચ્ચે કાંટે કી ટક્કર ચાલી રહી છે. જોકે હાલમાં બંને પક્ષો એકબીજા પર આકરા પ્રહારો કરી રહ્યા છે. ત્યારે એ જોવાનું રહેશે કે એકબીજા પર પ્રહારો બંનેમાંથી કોઈ ઉમેદવારને ચૂંટણીમાં જીત અપાવશે કે પછી દેશ માટે યોગ્ય વિઝન લઈને ચાલનારા નેતા પર દેશના લોકો પસંદગીનો કળશ ઢોળશે.




## Bajaj Pulsar N150 અને N160 ભારતમાં લોન્ચ

બજાજ ઓટોએ ભારતમાં તેની લોકપ્રિય બાઈક પલ્સર N150 અને N160ની 2024 એડિશન લોન્ચ કર્યું છે. અપડેટેડ બાઈકને બે વેરિઅન્ટમાં રજૂ કરવામાં આવ્યા. Pulsar N150ની પ્રારંભિક એક્સ-શોરૂમ કિંમત રૂ. 1.18 લાખ છે અને Pulsar N160ની પ્રારંભિક કિંમત રૂ. 1.30 લાખ છે. આ બાઈક દેશભરમાં તમામ ડીલરશીપ પર ઉપલબ્ધ છે.

- 149.68 cc સિંગલ-સિલિન્ડર એન્જિન
- 14.3 hpની મહત્તમ શક્તિ
- 13.5 Nmનો પીક ટોર્ક
- એન્જિન 5-સ્પીડ ગિયરબોક્સ
- બાઈક ફ્રન્ટ ટેલિસ્કોપિક ફોર્કથી સજ્જ
- સિંગલ-ચેનલ ABS સાથે 240 mm ફ્રન્ટ ડિસ્ક બ્રેક

### જો બાઈડેનની જગ્યાએ મિશેલ ઓબામાની થઈ શકે છે એન્ટ્રી

# અમેરિકાની ચૂંટણીમાં છેલ્લી ઘડીએ મળશે સરપ્રાઈઝ! શું બાઈડેન નહીં લડે ચૂંટણી?

## ટ્રમ્પ કાર્ડ સામે બરાક ઓબામાની લોકપ્રિયતા મેદાને

■ વોશિંગ્ટન

અમેરિકામાં આ વર્ષના અંતમાં યોજાનારી રાષ્ટ્રપતિની ચૂંટણીમાં સરપ્રાઈઝ એન્ટ્રી થઈ શકે છે. ફોક્સ ન્યૂઝના રિપોર્ટ અનુસાર રાષ્ટ્રપતિ જો બાઈડેન છેલ્લી ક્ષણે પોતાની ઉમેદવારી છોડી શકે છે અને તેમની જગ્યાએ ડેમોક્રેટિક પાર્ટી તરફથી પૂર્વ રાષ્ટ્રપતિ બરાક ઓબામાનાં પત્ની મિશેલ ઓબામાને ઉમેદવાર બનાવવામાં આવી શકે છે. વાસ્તવમાં, તાજેતરમાં સ્પેશિયલ કાઉન્સેલ રોબર્ટ હર દ્વારા એક રિપોર્ટ બહાર પાડવામાં આવ્યો હતો. એવું સ્પષ્ટપણે કહેવાય છે કે બાઈડેન માનસિક અને શારીરિક રીતે સંઘર્ષ કરી રહ્યા છે. તેથી તેમના માટે ચૂંટણી લડવી યોગ્ય નથી. આ રિપોર્ટને ફગાવી દેતાં બાઈડેને કહ્યું હતું - ઉંમર સાથે કેટલીક સમસ્યાઓ ઊભી થાય છે, પરંતુ તેનો અર્થ એ નથી કે હું ફિટ નથી. બાદમાં તેમણે ડોનાલ્ડ ટ્રમ્પના સમર્થનમાં પોતાનું નામ પાછું ખેંચી લીધું હતું. 9 ફેબ્રુઆરીએ વિવેકે ડેમોક્રેટ ઉમેદવાર વિશે ચોંકાવનારો ઘટસ્ફોટ કર્યો હતો. વિવેકે કહ્યું- ડેમોક્રેટિક પાર્ટી મિશેલ ઓબામાને બાઈડેનના સ્થાને રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર બનાવવા પર વિચાર કરી રહી છે.




## હિલેરી ક્લિન્ટન પણ ઉઠાવી ચૂક્યા છે અનેક સવાલ

પૂર્વ વિદેશ સચિવ હિલેરી ક્લિન્ટને પણ બાઇડનની માનસિક અને શારીરિક ક્ષમતાઓ પર પ્રશ્નો ઉઠાવ્યા છે. ક્લિન્ટને એક ઈન્ટરવ્યુમાં સ્વીકાર્યું હતું કે જો ડેમોક્રેટ્સ બાઇડનને ઉમેદવાર બનાવે છે તો તેનો સીધો ફાયદો ટ્રમ્પને થશે. તેથી, બાઇડનનો વિકલ્પ શોધવો મહત્વપૂર્ણ છે. રામાસ્વામીએ કહ્યું- 81 વર્ષીય બાઈડેન ભલે ગમે તેટલા ફિટ હોય, પરંતુ તે સ્પષ્ટ છે કે તેમના ઘરમાંથી સંવેદનશીલ દસ્તાવેજો મળી આવ્યા છે. હવે જો તેમની જગ્યાએ મિશેલ ઓબામાનું નામ આવી રહ્યું છે તો તેમાં કંઈ ખોટું નથી.

## કમલા હેરિસનું શું થશે?

જો મિશેલને ઉમેદવાર બનાવવામાં આવે છે તો ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસનો મુદ્દો ચોક્કસપણે ઉભો થશે. તેમને સાઈડલાઈન કરવું એટલું સરળ નહીં હોય. તેમનો દાવો ખૂબ જ મજબૂત છે અને પાર્ટી પર તેમની પકડ બાઇડન કરતા વધુ મજબૂત બની રહી છે. આ અંગે પૂછવામાં આવેલા સવાલ પર રામાસ્વામીએ કહ્યું- મને નથી લાગતું કે કમલાને રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર બનાવવામાં આવશે. કેટલાક આશ્ચર્યજનક નામ બહાર આવી શકે છે. રામાસ્વામી કહે છેકે ડેમોક્રેટિક પાર્ટીના મારા સૂત્રો મને કહે છે કે બાઈડેન હજુ પણ રેસમાં જોવા મળી રહ્યા છે.

# USમાં 5 વર્ષ જાસૂસી કરતા રહ્યા ચાઈનીઝ હેકર્સ

## US સિક્યોરિટી ગ્રુપના રિપોર્ટમાં ખુલાસો, અમારું ઈન્ફ્રાસ્ટ્રક્ચર બેઈજિંગના ટાર્ગેટ પર

■ વોશિંગ્ટન



જોઈન્ટ સિક્યોરિટી ગ્રૂપના રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ચાઈનીઝ હેકર્સ પાંચ વર્ષ સુધી અમેરિકન ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં ઘૂસણખોરી કરતા રહ્યા અને અહીંની એજન્સીઓને તાજેતરમાં જ તેની જાણ થઈ. આ રિપોર્ટમાં એવું કહેવામાં આવ્યું છે કે ચીની હેકર્સ જૂથોએ અમેરિકાના સંચાર, ઊર્જા, પરિવહન વ્યવસ્થા અને વેસ્ટ-વોટર મેનેજમેન્ટ જેવા મહત્વપૂર્ણ ક્ષેત્રો વિશે ઘણી માહિતી મેળવી હતી.આ જોઈન્ટ સાયબર સિક્યોરિટી એડવાઈઝરી ગ્રુપનો રિપોર્ટ 7 જાન્યુઆરી 2024ના રોજ બહાર આવ્યો હતો. આ જૂથમાં અમેરિકા ઉપરાંત ઓસ્ટ્રેલિયા, કેનેડા, ન્યુઝીલેન્ડ અને બ્રિટનના નિષ્ણાતોનો સમાવેશ થાય છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે- સાયબર ઓપરેશન્સનો ટાર્ગેટ માત્ર ઈન્ટેલિજન્સ ભેગી કરવાનો નથી, પરંતુ દેશના ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુધી પહોંચવાનો અને તેને નિયંત્રિત કરવાના રસ્તાઓ શોધવાનો પણ છે. સૌથી મોટો ખતરો એ છે કે જો અમેરિકા અને ચીન વચ્ચેનો સંઘર્ષ જૂનો છે.

# અમેરિકનો સાથે 75 હજાર કરોડની છેતરપિંડી કરાઈ

## US સિક્યોરિટી ગ્રુપના રિપોર્ટમાં ખુલાસો, અમારું ઈન્ફ્રાસ્ટ્રક્ચર બેઈજિંગના ટાર્ગેટ પર

■ વોશિંગ્ટન



ગયા વર્ષે છેતરપિંડીથી અમેરિકનોને 75 હજાર કરોડ રૂપિયાનું નુકસાન થયું હતું. આ એક નવો રેકોર્ડ છે. આ ડેટા અમેરિકાની સ્વતંત્ર સરકારી એજન્સી ફેડરલ ટ્રેડ કમિશન (FTC)ની સત્તાવાર વેબસાઈટના રિપોર્ટમાં સામે આવ્યો છે. સૌથી વધુ છેતરપિંડીનો મામલો ‘રોકાણ’ સાથે સંબંધિત છે, જેમાં લોકોએ 38,000 કરોડ રૂપિયા ગુમાવ્યા છે. હકીકતમાં, ડિજિટલ ટૂલ્સને કારણે, અમેરિકનોને લક્ષ્ય બનાવવું પહેલા કરતાં વધુ સરળ બની ગયું છે. ગયા વર્ષે, ‘ઓનલાઈન શોપિંગ’ પર છેતરપિંડી પૈસા ગુમાવવાનું બીજું સૌથી મોટું કારણ હતું. ત્યારબાદ ઈનામો, લોટરી ટ્રેડિંગ અને નોકરીની તકોના નામે છેતરપિંડીના કિસ્સાઓ બન્યા હતા. અન્ય કેસો ક્રિપ્ટોકરન્સી વ્યવહારો સાથે સંબંધિત હતા.

2023માં અમેરિકામાં ‘રોકાણ’ના નામે છેતરપિંડીથી લોકોને સૌથી વધુ નુકસાન થયું હતું. આમાં લોકોને 38 હજાર કરોડ રૂપિયાનું નુકસાન થયું છે.

## NEWS FILE

### બેઝોસે એમેઝોનના બે અબજ ડોલરના 1.2 કરોડ શેરો વેચ્યા



સિએટલ : એમેઝોનના એક્ઝિક્યુટીવ ચેરમેન જેફ બેઝોસે ફેડરલ રેગ્યુલેટર્સને જાણ કરી છે કે તેમણે બે અબજ ડોલરની કીંમતના એમેઝોનના ૧.૨ કરોડ શેરો વેચ્યા છે.બેઝોસે યુએસ સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ કમિશનને જણાવ્યું છે કે તેમણે સાત અને આઠ ફેબ્રુઆરીએ એમેઝોનના કુલ ૧,૧૯,૯૭,૬૯૮ શેરો વેચ્યા છે. ઉલ્લેખનીય છે કે બેઝોસે ત્રણ દાયકા અગાઉ એક ગેરેજમાં એમોઝેનની શરૂઆત કરી હતી. બેઝોસ દ્વારા વેચવામાં આવેલા શેરોની કુલ બજાર કીંમત ૨.૦૪ અબજ ડોલર આંકવામાં આવી છે. શેરો ૧૦ લાખથી ૩૨ લાખથી વધુના પાંચ બ્લોક બનાવી વેચવામાં આવ્યા છે.

### અમેરિકાના સંરક્ષણ પ્રધાન ફરીથી હોસ્પિટલમાં દાખલ

વોશિંગ્ટન : પ્રોસ્ટેટ કેન્સરમાંથી રિકવર થઈ રહેલા અમેરિકાના સંરક્ષણ પ્રધાન લોયડ ઓસ્ટિનને મૂત્રાશયમાં સમસ્યા સંબધિત લક્ષણોને કારણે ફરીથી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે તેમ અમેરિકાના સંરક્ષણ મંત્રાલય પેન્ટાગોને આ માહિતી આપી છે. ઓસ્ટિન હોસ્પિટલમાં દાખલ થયા પછી તેમની જવાબદારી તેમના ડેપ્યુટીને સોંપવામાં આવી છે. ડિસેમ્બરમાં ઓસ્ટીનને પ્રોસ્ટેટ કેન્સર હોવાનું નિદાન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ તેમની સારવાર ચાલી રહી છે અને તેઓ આરોગ્ય સંબધી અનેક સમસ્યાઓનો સામનો કરી રહ્યાં છે.

### અમેરિકામાં 200 ફૂટ ઉંચું ટાવર ચોરાઈ ગયું, પોલીસ ચોંકી ઉઠી



અલબામા: અમેરિકાના અલબામામાં ચોરીની એક વિચિત્ર ઘટના સામે આવી છે. જે લોકોને આશ્ચર્યચકિત કરી રહી છે. ચોરોએ એક રેડિયો સ્ટેશનમાંથી ચોરોએ 200 ફૂટ ઊંચા ટાવરની ચોરી કરી હતી. ચોરીના કારણે રેડિયો પ્રસારણ પણ બંધ થઈ ગયું હતું. આ રેડિયો ટાવરનું નામ ડબલ્યુજેએલએક્સ 101.5 છે. જયારે એફએમના કર્મચારી સવારે ઓફિસ પહોંચ્યા ત્યારે તેમને ટાવર ગાયબ જણાયો. 200 ફૂટ ઊંચા ટાવરની ચોરીના કારણે લોકો આશ્ચર્યચકિત થયા હતા. ટાવર ઉપરાંત ત્યાં આજુબાજુમાં શોધખોળ કરતાં જાણવા મળ્યું કે તે જગ્યાએ રાખેલો સામાન પણ ચોરાઈ ગયો હોવાનું પણ સામે આવ્યું છે.

# ભારતીય મૂળના કેરળના પરિવારનું અમેરિકામાં રહસ્યમય મોત

## પતિ-પત્ની અને બે બાળકની ડેડબોડી ઘરમાંથી મળી, થોડા સમય પહેલાં ડિવોર્સ પિટિશન ફાઈલ કરી હતી

■ કેલિફોર્નિયા

કેરળના એક ભારતીય મૂળનો પરિવાર અમેરિકાના કેલિફોર્નિયામાં પોતાના ઘરે મૃત અવસ્થામાં મળ્યો છે. આ હત્યા અથવા આત્મહત્યાનો મામલો ગણાવવામાં આવી રહ્યો છે. પરિવારની ઓળખ 42 વર્ષીય આનંદ સુજિત હેનરી, તેમની 40 વર્ષીય પત્ની એલિસ પ્રિયંકા અને તેમનાં 4 વર્ષનાં જોડિયાં બાળકો નોહ અને નેથનના રૂપમાં થઈ છે.

પોલીસને પરિવારના મૃતદેહો એ વખતે મળ્યા, જ્યારે પરિવારના એક સંબંધીએ તેમના ઘરે જઈને તપાસ્યું, કારણ કે ઘરેથી કોઈનો ફોન રિસીવ થતો નહોતો. ભારતીય-અમેરિકી જોડી- આનંદ અને એલિસ બાથરૂમમાં બંધૂકની ગોળીનાં નિશાન સાથે મૃત હાલતમાં મળ્યાં. તો બીજી બાજુ, જોડિયાં બાળકોના મૃતદેહ બેડરૂમમાંથી મળ્યા. ત્યારે પોલીસ હવે તેમના મોતનું કારણ જાણવા તપાસ કરી રહી છે.

## પોલીસ અધિકારી ઘરમાં પ્રવેશ્યા, તો ચાર મૃતદેહ મળ્યા



પોલીસનું કહેવું છે કે ‘ અમને ઘટનાસ્થળે પહોંચ્યા પછી કોઈ જવાબ મળ્યો ન હતો અને તેથી અધિકારીએ ઘરની આસપાસ શોધખોળ કરી હતી પરંતુ ઘરમાં બળજબરીથી પ્રવેશવાના કોઈ પ્રયાસના કોઈ પુરાવા મળ્યા ન હતા. આ પછી, ખુલ્લી બારી જોતા, અધિકારી ઘરમાં પ્રવેશ્યા અને ચાર લોકોના મૃતદેહ મળ્યા. જેમાં એક પુખ્ત પુરુષ, એક પુખ્ત મહિલા અને બે બાળકોનો સમાવેશ થાય છે.’ પોલીસને બાથરૂમમાંથી 9 એમએમની પિસ્તોલ પણ મળી આવી છે. રેકોર્ડ્સ પ્રમાણે, કપલે આ ઘર 2020માં $2.1 મિલિયનમાં ખરીદ્યું હતું. પોલીસનું માનવું છે કે આ સંભવિત હત્યા-આત્મહત્યાનું છે, જોકે તેઓએ અન્ય સંભાવનાઓને પણ નકારી નથી. સેન મેટો પોલીસ વિભાગે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ‘આ સમયે અમારી પાસે જે માહિતી છે તેના આધારે, આ એક અલગ ઘટના હોવાનું જણાય છે જે લોકો માટે કોઈ ખતરો નથી.

# બરફના તોફાનથી થીજી ગયું અમેરિકા

## 1200થી વધુ ફ્લાઈટો રદ, શાળા-કોલેજો પણ બંધ કરવાની ફરજ પડી











વોશિંગ્ટનઃ અમેરિકાના ઉત્તર-પૂર્વીય કિનારા પર બરફના તોફાને ખૂબ તબાહી મચાવી છે. ન્યૂયોર્ક, પેન્સિલવેનિયા અને મેસેચ્યુસેટ્સમાં સ્કુલ-કોલેજ બંધ કરી દેવાઈ છે. લગભગ 1200 ફ્લાઈટ્સને રદ કરી દેવાઈ છે. જેમાંથી મોટાભાગની ફ્લાઈટ ન્યૂયોર્ક અને બોસ્ટનથી રવાના થવાની હતી. આ સિવાય 1700 ફ્લાઈટ મોડી રવાના થઈ. પોલીસે કહ્યુ કે તોફાનના કારણે પેન્સિલવેનિયામાં એક 20 વર્ષીય યુવકનું મોત નીપજ્યુ છે.

પેન્સિલવેનિયા અને મેસેચ્યુસેટ્સમાં સવારે હિમવર્ષા થઈઃ પૂર્વી પેન્સિલવેનિયાથી લઈને મેસેચ્યુસેટ્સમાં સવારે ભારે હિમવર્ષા પણ થઈ. તેનાથી 50 મિલિયન (5 કરોડ) લોકો પ્રભાવિત થયા. મંગળવારે 15.5 ઈંચ એટલે કે 39 સેમી હિમવર્ષા નોંધાઈ. હિમવર્ષાથી પેન્સિલવેનિયાના 1,50,000 ઘરની વીજળી ગુલ થઈ ગઈ.

**ટ્રાફિક પર પડી અસર:** બરફના તોફાનથી ટ્રાફિક પર પણ અસર પડી. બોસ્ટન અને ન્યૂયોર્કમાં કાર દુર્ઘટનાઓની ઘટના સામે આવી. અમુક વિસ્તારોમાં માર્ગો પર કમર્શિયલ વાહનો પર પ્રતિબંધ લગાવી દેવાયો. લોકોને જરૂરી ન હોય તો મુસાફરી ન કરવાનો આગ્રહ કરવામાં આવ્યો છે.

**ન્યૂયોર્ક શહેરમાં 744 દિવસ બાદ હિમવર્ષા થઈ:** ન્યૂયોર્ક શહેરમાં 744 દિવસ બાદ હિમવર્ષા થઈ. ત્યાં બે વર્ષમાં 2.5 ઈંચથી વધુ બરફ જોવા મળ્યો નથી. સેન્ટ્રલ પાર્કમાં 3.2 હિમવર્ષા થઈ. જેનાથી જાન્યુઆરી 2022 બાદ આ ન્યૂયોર્કનું સૌથી બર્ફીલો દિવસ બની ગયો. ન્યૂયોર્કમાં પહેલા શિયાળામાં હિમવર્ષા થવી સામાન્ય વાત હતી પરંતુ હવે આવો નજારો જલ્દી જોવા મળતો નથી. એક સ્થાનિક વ્યક્તિએ જણાવ્યુ કે હવે શિયાળો ઘટી રહ્યો છે. ઉનાળો વધુ દિવસ સુધી રહે છે.

**દક્ષિણી મેસેચ્યુસેટ્સ તરફ વધી રહ્યુ છે તોફાન:** મંગળવારે બપોરે તોફાન ન્યૂયોર્કથી પૂર્વ કનેક્ટિકટ, રોડ આઈલેન્ડ અને દક્ષિણી મેસેચ્યુસેટ્સ તરફ વધવા લાગ્યુ. પેન્સિલવેનિયાના અમુક વિસ્તારોમાં એક ફૂટ હિમવર્ષા થઈ છે. પેન્સિલવેનિયા અને મેસેચ્યુસેટ્સમાં 50,000થી વધુ લોકોના ઘરે હજુ પણ વિજળી નથી.

# USમાં દર નવ પુખ્તમાંથી એક વ્યક્તિ કોવિડનો શિકાર

## 300થી વધુ ક્લિનિકલ સંશોધકોએ લોંગ કોવિડની ઓળખ કરી

■ લોસ એન્જલસ

રોગ નિયંત્રણ અને નિવારણ કેન્દ્રોના નવા ડેટા અનુસાર, યુ.એસ.માં નવમાંથી લગભગ એક પુખ્ત જેમને કોવિડ-19 હતો તે લાંબા સમયથી કોવિડનો ભોગ બન્યો છે, જેમાં લક્ષણોની વિશાળ શ્રેણી છે. હેલ્થ (NIH) એ મંગળવારે જાહેરાત કરી હતી કે તે 'રિસર્ચિંગ COVID ટુ એન્હાન્સ રિકવરી (RECOVER) પહેલ'માં આગામી ચાર વર્ષમાં વધારાના NIH ને ટાંકીને, સિન્હુઆ ન્યૂઝ એજન્સીએ કહ્યું કે લગભગ 90 હજાર પુખ્ત વયના લોકો અને બાળકો દેશભરમાં 300 થી વધુ ક્લિનિકલ સંશોધન સાઈટ્સ દ્વારા રિકવર ઓબ્ઝર્વેશન સ્ટડીમાં ભાગ લઈ રહ્યા છે. NIH એ જણાવ્યું હતું કે, મુખ્ય લક્ષણ ક્લસ્ટરોની ઓળખ સહિત પુનઃપ્રાપ્તિ તારણો, ક્લિનિકલ સંશોધકોને તેમના દર્દીઓમાં લોંગ કોવિડની ઓળખને વિસ્તૃત કરવામાં મદદ કરી રહ્યા છે.



NEWS FILE

## પ્રવચન ન આપી શકતા લેખ બનાવ્યો, નાસાએ કર્યો પ્રકાશિત



કેલિફોર્નિયાઃ અમેરિકાની સ્પેસ એજન્સી નાસાએ તેની વેબસાઈટ પર ભારતીય મૂળના અમેરિકન નાગરિક ડો.રાહુલ રામચંદ્રનનો લેખ સામેલ કર્યો છે. દિલ્હીની જામિયા મિલિયા યુનિવર્સિટીમાંથી અભ્યાસ કર્યા બાદ તેઓ વધુ અભ્યાસ માટે અમેરિકા ગયા હતા. ભારતીય મૂળના અમેરિકન વૈજ્ઞાનિકે એક મોટો રેકોર્ડ હાંસલ કર્યો છે. તેમના દ્વારા લખાયેલ એક આર્ટિકલ અમેરિકન સ્પેસ એજન્સી નાસાની વેબસાઈટ પર પ્રકાશિત કરવામાં આવ્યો છે. તેમણે પૃથ્વી વિજ્ઞાન સામેના પડકારો પર એક લેખ લખ્યો હતો.ભારતીય મૂળના આ અમેરિકન વૈજ્ઞાનિકનું નામ રાહુલ રામચંદ્રન છે.

## પ્રદૂષણની તીવ્રતા માપતી નાસાની ફ્લાઈંગ લેબ, ૮ કલાક સુધી ઉડે છે સતત હવામાં



મનીલાઃ વધતા જતા વાયુ પ્રદૂષણના સંશોધન માટે અમેરિકાની સ્પેસ એજન્સી નાસાએ એક ફ્લાઈંગ લેબોરેટરી (ઉડતી પ્રયોગશાળા) તૈયાર કરી છે. આ લેબ વિવિધ સ્થળોએથી વિવિધ પ્રકારના નમૂનાઓ એકઠા કરે છે. ફ્લાઈંગ લેબોરેટરીની સમગ્ર રચના અને સુવિધા જોતા તે હવાઈ જહાજ જણાતી નથી. આ લેબનો એક માત્ર ઉદ્દેશ હવામાં રહેલા વાયુ પ્રદૂષણના નમૂના તૈયાર કરીને સ્ટડી કરવાનો છે. તાજેતરમાં ફ્લાઈંગ લેબ ફિલિપાઈન્સમાં પહોંચી હતી.આ લેબ ડીસી -૮ વિમાનમાંથી તૈયાર કરવામાં આવી છે. એક ઉડાણમાં સતત ૮ કલાક સુધી હવામાં રહી શકે છે. આ ફ્લાઈંગ લેબ જમીનથી ૧૫ મીટર જેટલી જ ઉંચી ઉડે છે. આમાં બેઠેલા વૈજ્ઞાનિકો હવામાં રહેલા પ્રદૂષણના કણ પર નજર રાખતા રહે છે. ફિલિપાઈન્સની રાજધાની મનીલા પાસે કલાર્ક ઈન્ટરનેશનલ એરપોર્ટ પર નાસાના બેરી લેફરે જણાવ્યું હતું કે જુદા જુદા પ્રકારના સ્ત્રોતો દ્વારા કેવી રીતનું પ્રદૂષણ હોય છે તેનું આંકલન થાય છે.વાયુની ગુણવત્તાનું મોડેલ પણ આ ડેટા પરથી જ તૈયાર થાય છે. હાલમાં વાયુ ગુણવત્તા તપાસવા માટે નમૂનાનું પછીથી ઉપગ્રહો પર પૃથ્થકરણ કરવામાં આવે છે.

**સ્ટડીના તારણો 1 વર્ષ પછી બહાર પાડવામાં આવશે:** નિષ્ણાતનું માનવું છે કે ફલાઈંગ લેબમાં જમા કરવામાં આવેલા નમૂનાઓ ડેટાનું વિશ્લેષણ કરવું ખૂબ જરુરી છે. લેબમાં ડઝનો સંવેદનશીલ ઉપકરણો લગાવેલા છે જેને લઈને ફ્લાઈંગ લેબે મનીલા પરથી ઉડાણ ભરી હતી.

# ચીનની દાદાગીરીનો અંત આવશે « અમેરિકાને મળ્યું 2 અબજ ટન 'વ્હાઈટ ગોલ્ડ' ભારતને પણ થઈ શકે છે મોટો ફાયદો

### આ કંપની પાસે હેલેક ક્રીક પ્રોજેક્ટમાં 367 સ્થળોએ ખાણકામના અધિકારો

■ વોશિંગ્ટન

ચીન સાથે ચાલી રહેલા સંઘર્ષ વચ્ચે અમેરિકાને અબજો ડોલરનો ખજાનો મળ્યો છે. અમેરિકાને વ્યોમિંગમાં 2.34 બિલિયન મેટ્રિક ટન રેર અર્થ મિનરલ્સ મળ્યા છે. વિશ્લેષકોનું કહેવું છે કે આ શોધ બાદ અમેરિકા ટૂંક સમયમાં રેર અર્થ મિનરલ્સના મામલે ચીનને પાછળ છોડી શકે છે. અમેરિકન રેર અર્થ ઈન્ક.એ જાહેરાત કરી છે કે આ નવો અનામત ચીનના 44 મિલિયન મેટ્રિક ટનના ભંડારને વટાવી જશે. તેણે કહ્યું કે આ સ્ટોર તેણે તેના સપનામાં પણ જોયો હતો તેના કરતા ઘણો મોટો છે. તે પણ જ્યારે તેઓએ માત્ર 25 ટકા વિસ્તારમાં જ ડ્રિલ કર્યું છે.

આ ઉપરાંત, વ્યોમિંગ પાસે 1844 એકર વિસ્તારમાં 4 સ્થળોએ ખાણકામના અધિકારો છે. આ 2 અબજ ટન દુર્લભ પૃથ્વી ખનિજો આ કિંમતી ખનિજોના સંદર્ભમાં અમેરિકાને રાજા બનાવી શકે છે. રેર અર્થ મિનરલ્સનો ઉપયોગ સ્માર્ટફોનથી લઈને હાઈબ્રિડ કાર અને એરક્રાફ્ટ અને લાઈટ બલ્બ અને લેમ્પમાં થાય છે.

### અમેરિકાની શોધથી ભારતને પણ ફાયદો થવાની સંભાવના



આ જ કારણસર ચીન અવારનવાર પોતાની વાત પાર પાડવા માટે વિશ્વમાં દુર્લભ પૃથ્વીનો પુરવઠો રોકવાની ધમકી આપતું રહે છે. હવે અમેરિકાની રેર અર્થ કંપની ચીનનો રેકોર્ડ તોડવામાં વ્યસ્ત છે. આ અમેરિકન કંપનીએ માર્ચ 2023 માં તેનું પ્રથમ ખોદકામ શરૂ કર્યું હતું અને અંદાજ છે કે વ્યોમિંગમાં 12 લાખ મેટ્રિક ટન દુર્લભ પૃથ્વી મળી આવી છે. જો કે હજુ વધુ ખોદકામ ચાલી રહ્યું છે જેમાં ઘણી શોધ પ્રકાશમાં આવી શકે છે. અમેરિકન કંપનીએ કહ્યું કે તેની દુર્લભ પૃથ્વીના ખોદકામમાં નોંધપાત્ર વધારો થયો છે. કંપનીએ કહ્યું કે અત્યાર સુધી પ્રોજેક્ટના માત્ર 25 ટકા જ ખોદકામ થયું છે. અમેરિકન દુર્લભ ધરતીનો ખજાનો એ કોઈ અલગ શોધ નથી. રામાકો કંપનીએ ખુલાસો કર્યો છે કે વ્યોમિંગમાં શેરિડન પાસે દુર્લભ ખનિજો મળી આવ્યા છે. તેની કુલ કિંમત 37 અબજ ડોલર છે. કંપનીએ કહ્યું કે અત્યાર સુધી અમે માત્ર 100 થી 200 ફૂટ સુધી જ પરીક્ષણ કર્યું છે.

# રાજ્યસભાના ભાજપના 4 ઉમેદવારોએ ફોર્મ ભર્યા,પાર્ટીએ ફરી એકવાર ચોંકાવ્યા

## જે.પી. નડ્ડા, ગોવિંદ ધોળકિયા, મયંક નાયક, જસવંતસિંહ પરમારે ઉમેદવારી નોંધાવી

## ભાજપે ઉમેદવારની યાદીમાં ફરી ચોંકાવ્યા, મનસુખ માંડવિયા,રૂપાલા રિપીટ ન થયા

ગાંધીનગર:આગામી 27 ફેબ્રુઆરીએ રાજ્યસભાની ચૂંટણી યોજાનાર છે. ત્યારે ભાજપે પોતાના ચાર ઉમેદવારો જાહેર કરી દીધા છે. જેમાં જે.પી. નડ્ડા, ગોવિંદ ધોળકિયા, મયંક નાયક અને જસવંતસિંહ પરમારે ઉમેદવારી નોંધાવી દીધી છે. જોકે, ઉમેદવારી પત્ર ભરે એ પહેલા વિધાનસભા ખાતે મોટી સંખ્યામાં ભાજપના કાર્યકરોનો જમાવડો જામ્યો હતો. ઢોલ-નગારાના તાલે ચારેય ઉમેદવારો ઉમેદવારી નોંધાવી હતા. આ દરમિયાન મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તથા પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ ઉપસ્થિત રહ્યા હતા.

### કોણ છે સુરતના ડાયમંડ કિંગ ગોવિંદભાઈ ધોળકિયા?



ગુજરાતના દુધાળા ગામમાં 7 નવેમ્બર 1947ના રોજ જન્મેલા ગોવિંદ ધોળકિયાનો ઉછેર નાનકડા ઘરમાં થયો હતો. સાત ભાઈ-બહેનો સાથે ગરીબ કૃષિ પરિવારમાં ઊછરેલા, તેમણે કોઈ વિશેષ વિશેષાધિકારો અથવા ગુણવત્તાયુક્ત શિક્ષણ વિના બાળપણનો અનુભવ કર્યો. તેમની સામે અનેક પડકારો હોવા છતાં તેમનું બાળપણ સાદગીથી વીત્યું હતું. લોકો વચ્ચે તેઓ પ્રેમથી કાકા તરીકે ઓળખાઈ છે. તેમણે 1964માં 17 વર્ષની ઉંમરે જાહેર જીવનની શરૂઆત કરી હતી.

### જસવંતસિંહ પરમાર ડોક્ટર, હોસ્પિટલ ચલાવે છે



ગોધરાના વતની એવા ડો.જશવંતસિંહ પરમારનો જન્મ 15 જૂન, 1975ના રોજ થયો હતો. તેમના પિતા સલામસિંહ પરમાર પ્રિન્સિપાલ હતા. તેમણે અમદાવાદની બી.જે. મેડિકલ કોલેજમાંથી MBBS અને NHL મેડિકલ કોલેજમાંથી MS(માસ્ટર ઓફ સર્જરી) કર્યું છે. હાલ તેઓ ગોધરામાં ભાગ્યોદય હોસ્પિટલ ચલાવી રહ્યા છે તેમજ તેઓ વાઘજીપુરમાં એક પેટ્રોલપંપ પણ ધરાવે છે. જ્યારે પરિવારની વાત કરીએ તો તેમનાં પત્નીનું નામ કલ્પનાબેન લેબ-ટેક્નિશિયન છે.

### કોણ છે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડા?



ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જગત પ્રકાશ નડ્ડા, જેમને જે.પી.નડ્ડાના નામથી પણ ઓળખવામાં આવે છે. જે.પી.નડ્ડાનો જન્મ બિહારના પટનામાં વર્ષ 1960માં થયો હતો. તેમનો કોલેજ સુધીનો અભ્યાસ BA અને LLB સુધી પટનામાંથી જ થયો છે, સાથે તેઓ શરૂઆતથી જ ABVPના કાર્યકર રહ્યા હતા. તેઓ સૌ પ્રથમવાર 1993માં હિમાચલ પ્રદેશથી ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતા. એ બાદ તેઓ રાજ્ય અને કેન્દ્રમાં પણ મંત્રી તરીકેની જવાબદારી નિભાવી ચૂક્યા છે.

### OBC મોરચાના મયંક નાયક રિક્ષા ચલાવતા હતા



મયંક નાયકે પોતાની યુવાનીમાં ડબલ એન્જિનિયરિંગ કર્યું છે. ઓછા પગારમાં નોકરી મળતા તેઓએ નોકરી કરવાને બદલે રિક્ષા ચલાવી પોતાના પરિવારનું ગુજરાન ચલાવ્યું સાથે ભાજપમાં પાયાના કાર્યકર તરીકે જોડાઈ તાલુકા પંચાયત સીટ પર જીત મેળવી હતી. મયંક નાયકના ભાઈ ડો. અનિલ નાયકે જણાવ્યું હતું કે, મયંકભાઈએ અમદાવાદથી ડબલ એન્જિનિયરિંગ કર્યું છે. અભ્યાસ પૂર્ણ કર્યા બાદ ઘરે આવ્યા બાદ જોઈએ એવી નોકરી મળી નહોતી.

## ધો. 10-12ના વિદ્યાર્થીઓ માટે મહત્વના સમાચાર

### બોર્ડનું પરિણામ એક મહિના વહેલું જાહેર થશે

■ ગાંધીનગર

ગુજરાતમાં આ વર્ષે લેવાનાર બોર્ડની પરીક્ષાનું પરિણામ વહેલા જાહેર કરવામાં આવશે. ધોરણ 10-12ની બોર્ડની પરીક્ષા 11 માર્ચથી 26 માર્ચ દરમિયાન લેવામાં આવશે ત્યારે હવે બોર્ડના પરિણામને લઈને મોટી અપડેટ સામે આવી છે. સૂત્રોના અહેવાલ અનુસાર આ વર્ષે બોર્ડનુ પરિણામ એક મહિના પહેલા જાહેર થઈ શકે છે. આ ઉપરાંત સૂત્રોના જણાવ્યા અનુસાર ચાલુ વર્ષે પેપર મૂલ્યાંકનમાં અનેક ફેરફારના લીધે પરિણામ વહેલા જાહેર કરવામાં આવી શકે છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ મહિનામાં બોર્ડની પરીક્ષા લેવાનાર છે ત્યારે પરીક્ષાનું પરિણામ એક મહિના પહેલા એટલે કે એપ્રિલના બીજા અથવા ત્રીજા અઠવાડિયામાં જાહેર કરવાની બોર્ડની તૈયારી છે.



## NEWS FILE

### ઉદગમ સ્કૂલને વિદ્યાર્થીઓનું પરિણામ આપવા આદેશ




અમદાવાદઃ અમદાવાદની ઉદગમ સ્કૂલમાં RTE હેઠળ એડમિશન લેનાર વિદ્યાર્થીઓમાંથી 143 વિદ્યાર્થીના પરિણામ સ્કૂલ દ્વારા અટકાવી રાખવામાં આવ્યા હતાં. આ અંગે વાલીઓએ DEOને ફરિયાદ કરી હતી. જેથી DEOએ ઉદગમ સ્કૂલને શો કોઝ નોટિસ ફટકારી અને વિદ્યાર્થીઓના પરિણામ તાત્કાલિક આપવા આદેશ કર્યો છે. ઉલ્લેખનિય છે કે, કેટલાંક વાલીઓએ પોતાની આવકના ખોટા દાખલા રજૂ કરૂ પોતાના બાળકોના ઉદગમ સ્કૂલમાં એડમિશન કરાવ્યાં છે. જેની હાલ તપાસ ચાલી રહી છે અને તેથી બાળકોના પરિણામ રોકવામાં આવ્યા હોવાનું સ્કૂલ દ્વારા જણાવવામાં આવ્યું હતું.

### ભાજપને 157 કરોડ, કોંગ્રેસને 2.6 કરોડ રૂપિયાનું દાન મળ્યું

ગાંધીનગરઃ રાષ્ટ્રીય પક્ષોને વર્ષ 2022-23માં દિલ્હી બાદ સૌથી વધુ 160 કરોડ રૂપિયાનું ચૂંટણી દાન ગુજરાતમાંથી મળ્યું છે. એસોસિયેશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ (એડીઆર)ના રિપોર્ટ મુજબ રાષ્ટ્રીય પક્ષોને દિલ્હીમાંથી સૌથી વધુ 276 કરોડ રૂપિયા દાન પેટે મળ્યા છે. જ્યારે મહારાષ્ટ્રમાંથી 96 કરોડ રૂપિયા દાનમાં મળ્યા છે. રિપોર્ટ મુજબ રાષ્ટ્રીય પક્ષોને મળેલા કુલ દાનમાંથી 19% દાન માત્ર ગુજરાતમાંથી મળ્યું હતું. રાજ્યમાં 134.64 કરોડ રૂપિયા કોર્પોરેટ સેક્ટરમાંથી અને 25.64 કરોડ રૂપિયા વ્યક્તિગત દાન પેટે પક્ષોને મળ્યા હતા.

### હાઈકોર્ટે ચુકાદો આપતા કિંજલ દવેની મુશ્કેલીમાં વધારો થયો



અમદાવાદઃ એક સમયે ખૂબ જ પ્રસિદ્ધ થયેલા 'ચાર બંગડીવાળી ગાડી' ગીતને કારણે ચર્ચામાં આવેલી લોકગાયિકા કિંજલ દવેને હવે આ જ ગીત ભારે પડી ગયું છે. તાજેતરમાં જ સિવિલ કોર્ટે કિંજલ દવેને રાહત આપતા ગીત ગાવાની મંજૂરી આપી હતી ત્યારે હવે હાઈકોર્ટે કિંજલ દવેને ગીત ગાવા પર સ્ટે મુક્યો છે. 'ચાર બંગડીવાળી ગાડી' ગીતનો કેસ જ્યારથી કોર્ટે ચડ્યો છે ત્યારથી કિંજલ દવેની તકલીફોનો અંત આવ્યો નથી. ગુજરાત હાઈકોર્ટે આ ગીત ગાવા પર સ્ટે લંબાવ્યો છે. રીબોન એન્ટરટેઈનમેન્ટ કંપનીએ અમદાવાદની સિટી સિવિલ કોર્ટમાં કોપીરાઈટનો કેસ ફાઈલ કર્યો હતો.

# વાઇબ્રન્ટ ગુજરાતઃ 2 વર્ષમાં 32 શિક્ષિતોને મળી સરકારી નોકરી

■ શિક્ષિત યુવાઓના સપનાં અધૂરાં રહ્યાં, 2,49,735 બેરોજગારો સરકારી ચોપડે નોંધાયા

■ ગાંધીનગર

વાઇબ્રન્ટ ગુજરાતમાં શિક્ષિત યુવાઓને રોજગારીની ઘણો તકો છે તેવી ગુલબાંગો પોકારવામાં આવી રહી છે પણ કડવી વાસ્તવિકતા એ છે કે, ગુજરાતના શિક્ષિત યુવાઓના સરકારી નોકરી મેળવવાના સપનાં પૂર્ણ થઇ શક્યા નથી. જાણીને નવાઇ લાગે તેવી વાત એ છે કે, છેલ્લા બે



વર્ષમાં આખાય ગુજરાતમાં 32 જણાંને સરકારી નોકરી મળી શકી છે. સરકાર ભરતી કેલેન્ડર આધારે ભરતી જ કરતી નથી પરિણામે આ પરિસ્થિતિનું નિર્માણ થયુ છે.

### ભરતી કેલેન્ડર કાગળ પર, સરકારને કોન્ટ્રાક્ટ પદ્ધતિ પર ભરોસો

સરકારી નોકરી મેળવવી એ શિક્ષિત યુવાઓનુ સપનું રહ્યુ છે. કોચિંગ કલાસથી માંડીને હોસ્ટેલ પાછળ હજારો રૂપિયા ખર્ચીને યુવાઓ સ્પર્ધાત્મક પરીક્ષા માટે અથાગ મહેનત કરતા હોય છે પણ કમનસીબી એછેકે, સરકાર ભરતી કેલેન્ડર મુજબ ભરતી જ કરતુ નથી. હજારો શિક્ષિત યુવાઓ સરકારી નોકરીની ભરતી થશે તેની વાટમાં ખાનગી-કોન્ટ્રાક્ટ આધારે નોકરી કરવા મજબૂર છે.

**શિક્ષિત લોકો બેરોજગાર,શું આવી રીતે વિકાસ થશે** વિધાનસભામાં બેરોજગારીને લઈને સવાલ ઉઠતાં સરકારે જવાબ આપ્યો છે કે, ગુજરાતમાં કુલ મળીને 29 જિલ્લામાં 2,38,978 શિક્ષિત બેરોજગારો અને 10,757 અર્ધ શિક્ષિત બેરોજગારો સરકારી ચોપડે નોધાયા છે. આ પરથી સ્પષ્ટ થાય છે કે, સરકાર શિક્ષિત યુવાઓને રોજગારી આપવામાં સદંતર નિષ્ફળ નિવડી છે. સાથે સાથે સરકારી નોકરીના સપનાં તો સરકાર પૂર્ણ કરી શકી જ નથી. સરકારના આંકડા દર્શાવે છેકે, અમદાવાદ, આણંદ, વડોદરા અને ભાવનગરમાં નોધાયેલા બેરોજગારોની સંખ્યા વધુ છે. ખુદ સરકારે આ વાતની કબૂલાત કરી છે કે, છેલ્લા બે વર્ષમાં અમદાવાદમાં 22, ભાવનગરમાં 9 અને ગાંધીનગરમાં 1 એમ કુલ મળીને 32 શિક્ષિત યુવાઓ સરકારી નોકરી મેળવી શક્યા છે. નિયમિત રીતે ભરતી કરાશે તેવી સરકારની સુફિયાણી વાતોનો ફિયાસ્કો થયો છે.

### 25 ફેબ્રુઆરીએ એઈમ્સ અને ઝનાના હોસ્પિટલને ખુલ્લી મૂકાશે

# રાજકોટમાં અટલ સરોવરનું PM મોદીના હસ્તે લોકાર્પણ કરવામાં આવશે

## બાકીની કામગીરી ઝડપથી કરવા આદેશ કરાયો

■ રાજકોટ



રાજકોટમાં આગામી તા. 25ના રોજ વડાપ્રધાનના હસ્તે એઈમ્સ અને ઝનાના હોસ્પિટલના બિલ્ડિંગના ઉદઘાટનનો કાર્યક્રમ નક્કી થયો છે. જેમાં મનપા હસ્તક રહેલ અટલ સરોવર તેમજ સ્માર્ટ સિટીનું લોકાર્પણ થશે કે નહીં? તેને લઈને અવઢવ ચાલી રહી હતી. જોકે, સ્ટેન્ડિંગ કમિટીનાં ચેરમેન જયમીન ઠાકરે તમામ ચર્ચાઓ પર પૂર્ણ વિરામ મૂક્યું હતું. જેમાં જણાવ્યું હતું કે, આનાથી રૂડો અવસર કયો હોય? ચોક્કસ PM મોદીના હસ્તે અટલ સરોવર તેમજ સ્માર્ટ સિટીનું લોકાર્પણ કરવામાં આવશે. 2047નું ભારત કેવું હોવું જોઈએ, તેને ધ્યાનમાં રાખીને બનાવેલા સ્માર્ટ સિટી અને અટલ સરોવર જોઈને લોકો ખૂશ થઈ જશે.

જયમીન ઠાકરનાં જણાવ્યા મુજબ, હજુપણ પ્રોજેક્ટની 10 ટકાથી વધુ કામગીરી બાકી હોવાથી તે પૂર્ણ કરવા તંત્ર દ્વારા કવાયત હાથ ધરવામાં આવી છે. આ માટે મ્યુ. કમિશ્નર આનંદ પટેલે કામ તાત્કાલીક પૂરૂ કરવા બે સુટી ઈજનેર, બે ઈન્ચાર્જ સિટી ઈજનેર સહિત 33 ઈજનેરોની નિમણૂંક કરી છે. જેને કારણે આ કામગીરી ઝડપથી પૂર્ણ કરીને રોબસ્ટ ઈન્ફ્રાસ્ટ્રકચર તેમજ અટલ સરોવરનું લોકાર્પણ તા. 25-2-2024ના રોજ વડાપ્રધાનના હસ્તે કરવામાં આવશે. આ માટે જ અધિકારીઓને વધારાની કામગીરી સોંપીને બાકીના કામ તાત્કાલિક પૂર્ણ કરવાનો આદેશ આપી દેવામાં આવ્યો છે.

### 'અટલ સરોવરમાં પાણીની કોઈપણ પ્રકારની મુશ્કેલી નથી'

અટલ સરોવરમાં પાણી નહીં હોવા અંગે તેમણે જણાવ્યું હતું કે, એવી કોઈ વાતમાં તથ્ય નથી. સ્માર્ટ સિટી માટે ખાસ પાણીની વ્યવસ્થા કરવામાં આવી છે. જેના દ્વારા અટલ સરોવરમાં પણ પાણી પહોંચાડવામાં આવ્યું છે. પાણીની કોઈપણ પ્રકારની મુશ્કેલી નથી. 477 MLDની ક્ષમતાનું અટલ સરોવર છે. જેમાં સ્માર્ટ સિટીની જોગવાઈ મુજબ પાણી ભરવામાં આવ્યું છે. વિદેશમાં જોવા મળતા હોય તેવા 200 ફૂટના રોડ સહિતનું નવું ઈન્ફ્રાસ્ટ્રક્ચર સ્માર્ટ સિટીમાં ઉભું કરવામાં આવ્યું છે. ક્રિકેટ સ્ટેડિયમ જેવું એક સર્કલ પણ મૂકવામાં આવ્યું છે.

### બ્લોકવાઈઝ અધિકારીઓની નિમણૂક 16 જેટલાં અધિકારીઓ રહેશે

ઉલ્લેખનીય છે કે, હાલ આ પ્રોજેકટના લોકાર્પણ માટે જુદા-જુદા કામ અને બ્લોકવાઈઝ અધિકારીઓની નિમણૂક કરવામાં આવી છે. રોબસ્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેકટના કામ પૂરા કરવા સિટી ઈજનેર પી.ડી.અઢીયા, ઈન્ચાર્જ સિટી ઈજનેર કે. કે. મહેતા, ઈન્ચાર્જ એડી. સિટી ઈજનેર જે.ડી. કુકડીયાને જવાબદારી આપવામાં આવી છે. આ સિવાય આ પ્રોજેકટમાં બ્લોક નં.1થી 14માં અન્ય 16 જેટલા અધિકારીઓની નિમણૂંક કરવામાં આવી છે. અટલ સરોવર પ્રોજેક્ટ પૂરો કરવાનું કામ સિટી ઈજનેર અલ્પના મિત્રાને આપવામાં આવ્યું છે.

**કંપનીએ પેટા એજન્સીને કામ આપ્યું** હાલ એમ્યુઝમેન્ટ પાર્ક જેવી રાઈડસ, પાર્ટી પ્લોટ, ભુલ ભુલૈયા, પાર્કિંગ, એપ્રોચ રોડની કોઈ સુવિધા નથી. જે ઉભી કરવા અને રૂ.136 કરોડના ખર્ચે બનેલા અટલ સરોવરમાં પાણી ઠાલવવા સહિતની કામગીરી કરવામાં આવી રહી છે. આ ઉપરાંત રોબસ્ટ ઈન્ફ્રા.નું 550 કરોડનું કામ એલ એન્ડ ટીને આપવામાં આવ્યું હતું. આ કામમાં પણ રોડ, જુદી-જુદી યુટિલિટી, પ્લાન્ટેશન જેવા કામ હજુ બાકી છે. આ કંપનીએ પેટા એજન્સીને કામ આપેલું છે. પરંતુ કામ હજુ થોડુ બાકી હોવાથી ઉદઘાટન બાદ પણ સતત ચાલુ રહે તેમ છે.

# હવે લોકસભાની ટિકિટ મૂળ સુરતીને મળે તેવી શક્યતા

## BJP વર્ષો જૂની પરંપરા જાળવશે, કોને ટિકિટ મળશે તે સસ્પેન્સ

■ સુરત

સુરત લોકસભાને લઈને છેલ્લા થોડા દિવસોથી ચર્ચા શરૂ થઈ હતી. દર વખતે લોકસભાની ચૂંટણી દરમિયાન ઉમેદવાર તરીકે મૂળ સુરતીની જ પસંદગી કરવામાં આવતી હતી. પરંતુ આ વખતે સૌરાષ્ટ્રમાંથી કોઈકને ટિકિટ મળશે એવી વાતો વહેતી થઈ ગઈ હતી. પરંતુ રાજ્યસભામાં ગોવિંદ ધોળકિયાની પસંદગી થઈ ગયા બાદ હવે આ ચર્ચા ઉપર પૂર્ણવિરામ લાગી જશે. ભારતીય જનતા પાર્ટી સંગઠનના આધારે તમામ જાતિને સાથે લઈને ચાલે છે. સોશિયલ એન્જિનિયરિંગ એટલું મજબૂત રીતે કરે છે કે, દરેકને સેટ કરવા માટે ચોક્કસ પ્રકારનું પ્લાનિંગ કરવામાં આવે છે. સુરત શહેરની પરંપરા રહી છે કે, પરંતુ લોકસભાની વાત આવે છે ત્યારે અન્ય કોઈ જ બાબતને ધ્યાનમાં રાખ્યા વગર સીધા મૂળ સુરતી માટે જ નિર્ણય લેવાય તો રહ્યો છે.



## NEWS FILE

### પ્રમુખ તરીકે સિનિયર નેતા ધનસુખ રાજપુતની જાહેરાત



સુરતઃ કોંગ્રેસ પક્ષે આગામી લોકસભાની ચૂંટણીને લઈને તૈયારી શરૂ કરી દીધી છે. વિધાનસભાની ચૂંટણીમાં તમામ બેઠકો હારી ગયા બાદ હવે લોકસભાની ચૂંટણીમાં સંગઠન મજબૂત કરવા માટે કેટલાક મહત્વના ફેરફાર કરવામાં આવ્યા છે, જેમાં સુરત શહેર માટે નવા પ્રમુખ તરીકે ધનસુખ રાજપુતની નિમણૂક કરવામાં આવી છે તેમજ અન્ય બે કાર્યકારી પ્રમુખ તરીકેની પણ નિમણૂક થઈ છે. ઉત્તર ભારતીય સમાજમાંથી આવતા ધનસુખ રાજપુત કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓ પૈકી નાયક છે. ધનસુખ રાજપૂત કોર્પોરેટર, વિધાનસભા અને લોકસભાની ચૂંટણી લડી ચૂક્યા છે. કોંગ્રેસ પક્ષ તરફથી તેઓ કોર્પોરેટર તરીકે ચૂંટાયા હતા.

### સૌરાષ્ટ્ર યુનિ.નું વર્ષ 2024-25નું 192.01 કરોડનું બજેટ

રાજકોટ:: સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં સેનેટ અને સિન્ડિકેટ ભૂતકાળ બન્યા બાદ નવા ગુજરાત પબ્લિક યુનિવર્સિટી એકટ મૂજબ એક્ઝિક્યુટિવ કાઉન્સિલની પ્રથમ બેઠક કાર્યકારી કુલપતિ ડો. નીલાંબરી દવેની અધ્યક્ષતામાં મળી હતી. જેમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનું વર્ષ 2024-25નું રૂ. 192.01 કરોડનું અંદાજપત્ર મંજૂર થયુ હતું. જેમાં રૂ. 180.16 કરોડનાં ખર્ચ સાથેનું રૂ. 12 કરોડની પુરાંતવાળુ બજેટ એક્ઝિક્યુટિવ કાઉન્સિલની બેઠકમાં મંજૂર થયુ હતું. જેમાં પગાર-રિકેરીંગ ખર્ચ પેટે સૌથી વધુ રૂ. 62.91 કરોડ મંજૂર કરવામાં આવ્યા હતા.

### 22 અને 24-25 ફેબ્રુઆરીએ PM મોદી ગુજરાત પ્રવાસે



રાજકોટ: પીએમ નરેન્દ્ર મોદી ફરી ગુજરાત પ્રવાસે આવી રહ્યા છે. 22 ફેબ્રુઆરીએ વાળીનાથ-તરભ શિવ મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં હાજરી આપશે. ત્યાર બાદ તેઓ 24 અને 25 ફેબ્રુઆરીના રોજ ફરી માતૃભૂમિ ગુજરાતની મુલાકાતે આવશે. 24 અને 25 ફેબ્રુઆરીના રોજ તેઓ દ્વારકા અને રાજકોટમાં વિકાસકાર્યોના લોકાર્પણ કરશે. પીએમ મોદી 22 ફેબ્રુઆરીએ અમદાવાદ આવશે અને નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં અમુલ ફેડેરેશનના ગોલ્ડન જ્યુબિલિ કાર્યક્રમમાં હાજરી આપશે. ત્યાર બાદ તેઓ તરભમાં આવેલા વાળીનાથ મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં હાજરી આપવા માટે જશે.

# દુનિયાનો સૌથી વિરાટ એનર્જી પાર્ક ધમધમ્યો « રીન્યુએબલ એનર્જી પાર્કમાંથી વીજ ઉત્પાદન શરૂ કરાયું

## 551 મેગાવોટની ક્ષમતા કાર્યાન્વિત કરી નેશનલ ગ્રીડને પુરવઠો અપાશે

■ ભુજ

ભુજ તાલુકાના ખાવડા નજીક દુનિયાના સૌથી વિરાટ રીન્યુએબલ એનર્જી પાર્કમાં વાર્ષિક 81 બિલિયન યુનિટ વીજળી ઉત્પન્ન કરવા 30 ગીગાવોટ સ્વચ્છ ઊર્જા વિકસાવવાની યોજના છે અને 551 મેગાવોટની ક્ષમતા કાર્યાન્વિત કરી નેશનલ ગ્રીડને પુરવઠો આપવાનો પ્રારંભ પણ કરી દેવાયો છે. આ પ્રકલ્પ 16.1 મિલિયન આવાસોને વીજળી આપવા સાથે વાર્ષિક 58 મિલિયન ટન કાર્બનનું ઉત્સર્જન ઘટાડશે. ખાવડા ખાતે વિશ્વના સૌથી વિશાળ રિન્યુએબલ એનર્જી પાર્કમાં હવે વીજ ઉત્પાદન શરૂ થયું છે. તે સિંગાપોર સહિતના દેશો કરતા અને ભારતના અનેક રાજ્યોના ક્ષેત્રફળ કરતા પણ વધારે વિશાળ છે. 2024ના અંત સુધીમાં આ પાર્કમાં 50 ટકા ઉત્પાદન શરૂ થશે. આ રીન્યુએબલ એનર્જી પાર્કમાં 30 ગીગાવોટ રીન્યુએબલ એનર્જી પેદા કરવાની ક્ષમતા વિકસાવવાનો અદાણી ગ્રીન એનર્જીનો લક્ષ્યાંક છે. આગામી 5 વર્ષમાં નિર્ધારીત ક્ષમતા કાર્યરત થવાની અપેક્ષા છે.

### એનર્જી પાર્કમાં 8000 લોકો રહી શકશે



અદાણી ગ્રીન ભારતમાં 9,029 મેગાવોટના સૌથી મોટા ઓપરેશનલ પોર્ટફોલિયો અને 20,844 મેગાવોટના કુલ પોર્ટફોલિયો સાથે વીજ ક્ષેત્રમાં નેતૃત્વની સ્થિતિને મજબૂતી બક્ષે છે. ભારતની સૌથી મોટી રિન્યુએબલ એનર્જી કંપની અને વિશ્વની બીજા ક્રમની સૌથી મોટી સોલાર પીવી વિકાસકાર અદાણી ગ્રીન એનર્જી લિ. (એજીઈએલ)એ ખાવડામાં 551 મેગાવોટની સૌર ક્ષમતા કાર્યરત કરી નેશનલ ગ્રીડને વીજ પુરવઠો પૂરો પાડવાનો આરંભ કર્યો છે. ખાવડામાં રીન્યુએબલ એનર્જી પાર્કમાં કામ શરૂ કર્યાના એક વર્ષમાં જ અદાણી ગ્રીને રસ્તા, કનેક્ટિવિટી સહિતની પાયાની માળખાકીય સુવિધાઓના વિકાસ સાથે અને સ્વ-ટકાઉ સામાજિક ઈકોસિસ્ટમ બનાવવાની શરૂઆત કરી આ સીમાચિહ્ન હાંસલ કર્યું છે. કંપનીએ કચ્છના રણના પડકારજનક અને વેરાન પ્રદેશને પોતાના 8,000 કર્મચારીઓ માટે રહેવા યોગ્ય વાતાવરણમાં પરિવર્તિત કર્યું છે.

# જો મૃતદેહ શુભાનો નથી, તો શુભા છે ક્યાં?



ઋણાનુબંધ
ભાવના પટેલ

**નવલકથા - પ્રકરણ - 20**

**તુલસીને** જોતા જ એ બોલ્યા 'આવો, બેસો.પાણીમંગાવું?'

તુલસીએ ડોક ધુણાવીને ના પાડી.

'આ અકસ્માતનીફાઈલ જ જોઈ રહ્યો હતો. ચીમનચપ્પુને જીવતો જ પકડવાનો હતો, કારણ કે કેટલા બધા નાના છોકરાના અપહરણ થાય છે. એ બધા ક્યાં જાય છે એ રેકેટનો પર્દાફાશ થતો. પરંતુ કમનસીબે એ મૃત્યુ પામ્યો.

પરંતુ કમિશનર સાહેબે મને ખાસ તાકીદ કરી છે કે, એ બસના દરેક પેસેન્જરનાફોટા મારે તમને બતાવવા. એમાંથી કોઈપણ માણસને તમે શુભાની આસપાસ કે એની સ્કૂલની આસપાસ ક્યારેય જોયો છે? ને બીજી પણ એક વિચિત્રતા ઊભી થઈ છે. હું તમને આખી વાત સમજાવું.

અકસ્માત થયો હોય ત્યારે બધા જ મૃતદેહો ના ફોટા પડે, વાહનના પણ ફોટા પડે. પછી એ ફોટા પરથી છાનબીન થાય કે, અકસ્માત કઈ રીતે થયો હશે.

બસના તમામ પ્રવાસી ત્યાં જ મૃત્યુ પામેલા, સિવાય અખિલ. એ બસની સાથે અથડાનારટેન્કરનાડ્રાઈવર, ક્લીનર પણ મૃત્યુ પામ્યા છે. બચાવ ટુકડી ત્યાં પહોંચી ત્યારે એકમાત્ર અખિલ જીવતો હતો. એટલે એને એકલાને જ એમ્બ્યુલન્સમાં નજીકની હોસ્પિટલમાં રવાના કરેલો.

વિચિત્ર બાબત એ છે કે, ત્યાં પડેલામૃતદેહોમાંથી ચાર પુરુષોના મૃતદેહો પરથી પેન્ટ ગાયબ હતા.'

'ગાયબ હતા મતલબ?'

'મતલબ કે, એમણે ત્યારે પેન્ટપહેરેલા નહોતા. હવે એવું તો શક્ય જ નથી ને કે એ બધાએ મુસાફરી વખતે પેન્ટપહેરેલા ના હોય!

એનો મતલબ કે કોઈએ એ પેન્ટ કાઢ્યા છે. એ શેના માટે કાઢ્યા હશે એ કોયડો છે. અને કાઢ્યા તો માત્ર ચાર જ જણના કેમ?

આ બધા ફોટા જોવા તમને નહીં ગમે, પરંતુ અપહરણ થયેલા છોકરાઓ માટે કંઈકકડી મળે તો અમને એ મદદરૂપ થાય.' આમ કહેતા ઈન્સ્પેક્ટરે એક કવરમાંથી બધા જ ફોટા કાઢીને તુલસીના હાથમાં મુક્યા.

તુલસીએ પહેલો ફોટો જોયો ને એણે મોઢું ફેરવી લીધું અને મોઢામાંથી હળવી ચીસ નીકળી ગઈ. 'પ્લીઝ, મારાથી આ નહીં થાય.' બળીને વિકૃત થઈ ગયેલાં મૃતદેહનો ફોટો જોઈને તુલસી છળી મરી.

ઈન્સ્પેક્ટર કશું જ બોલ્યા વગર માત્ર તુલસીની સામે જોઈ રહ્યા ને કહ્યું 'શુભા જેવા કંઈ-કેટલાયે છોકરાને શોધવામાં નિમિત્ત બની શકાય તો એ વાત બહુ જ મોટી છે. પ્લીઝટ્રાય કરો.'

તુલસીએ ફરી એ બધા ફોટા પોતાના હાથમાં લીધા અને હૃદયને, મનને કઠણ કર્યુ ને એક પછી એક ફોટો જોવા લાગી. બધા જ ફોટા જોઈ લીધા પછી તુલસીએ હળવેથી કહ્યું 'મારી શુભાનો ફોટો નથી આમાં?'

'છે ને.'

'ક્યાં છે? મને તો ના દેખાયો?'

'લાવો હું બતાવું.' તુલસીના હાથમાંથી ઈન્સ્પેકટરે ફોટા લીધા અને એમાંથી ચાર ફોટા અલગ કરીને તુલસીના હાથમાં આપ્યા.

તુલસીએ એ ફોટા હાથમાં લીધા જોયા અને મક્કમતાથી કહ્યું 'આ મારી શુભા નથી.'

'અરે, એ જ તોશુભા છે. એનો ચહેરો થોડો બળી ગયો છે તેથી કદાચ તમને એ નહીં ઓળખાતી હોય.' 'શુભા જેટલી



એ છોકરી જરૂર છે. કદાચ, એની ઉંમરની જ હશે. પરંતુ એ શુભા તો નથી જ નથી.' તુલસી ફરી મક્કમતાથી બોલી. 'તમે આટલા બધા વિશ્વાસથી કંઈ રીતે કહી શકો કે એ શુભા નથી?'

તુલસી મ્લાન હસતા બોલી, 'તમે મા નથી ને? એક સ્ત્રી નથી ને? એટલે આ સવાલ કરો છો. આ જ હાથોથી મેં એને સાડા ત્રણ વરસ ઉછેરી છે. મોઢું બળી ગયું હોય, શરીર થોડું બળ્યું હોય તો પણ એનો મૂળ આકાર, અણસાર તો ના બદલે ને?

વળી મુખ્ય વાત શુભાનીજમણી હથેળીમાં મોટુ કાળા રંગનું લાખુ હતું. જુઓ એની બંને હથેળી સ્પષ્ટ ખુલ્લી છે. ક્યાં દેખાય છે લાખુ તમને?'

આ સાંભળતા જ ઈન્સ્પેક્ટરે ઝપટ મારીને ફોટા લીધા. બધા જ ફોટામાં એની હથેળી સ્પષ્ટ ખુલ્લી હતી, પરંતુ એકમાં પણ તુલસી જે કહે છે એવું લાખુ નહોતું.

ઈન્સ્પેક્ટરે ફરી-ફરીને ફોટા જોયા, તુલસીને ખોટું બોલવાનું કોઈ જ કારણ નહોતું. તો શું અખિલ મૃત્યુ ટાણે ખોટું બોલ્યો? મૃત્યુ નજીક હોય ત્યારે એને ખોટું બોલવાનું શું કારણ હોય?

ઈન્સ્પેક્ટરે તરત જ કંઈક વિચારીને ફોન પોતાની નજીક લીધો અને ટેલીફોન એક્સચેન્જમાં કોલ કરીને ઉદયપુર ડી.સી.પી.ને ફોન લગાવવા માટે કહ્યું ને ઉમેર્યું 'પ્લીઝ, ઈટ્સ વેરી અરજન્ટ.'

ઈન્સ્પેક્ટરનું દિમાગ ચિત્તાની ઝડપે ચાલવા લાગ્યું હતું.એ તમામ શક્યતા ને વિચારી રહ્યા, ને ફરી તુલસીને પૂછ્યું 'તો જ્યારે મૃતદેહો લાવવામાં આવ્યા ને તમે જ્યારે એને જોઈ ત્યારે કેમ ના કહ્યું?'

'ત્યારે માત્ર આંખો જ ખુલ્લી દેખાતી હતી, બાકીનું આખું શરીર કપડામાં ઢંકાયેલું હતું. મને કઈ રીતે ખ્યાલ આવે? જો આખું મોંઢુ ખુલ્લું હોત, તો પણ ઓળખી જાત.'

'અરેરે! મે જ તો મોઢું ઢાંકી દેવાનું કહેલું, કારણ કે મોઢું બળી ગયું હતું, એક મા તરીકે તમે એ જોઈ નહીં શકો એવું મને લાગ્યું. વળી શુભાની છેલ્લી સ્મૃતિ આવી રહે એના કરતાં તમારી સ્મૃતિમાં ખુશખુશાલ શુભા રહે. તેથી એવું કરવાનું કહેલું. 'ખરેખર તમને ખાતરી છે કે એ શુભા નથી?' ઈન્સ્પેક્ટરે ફરી સાશંક પૂછ્યું.

'મને ખબર નથી પડતી કે, મારે આ વાતથી ખુશ થવું જોઈએ કે નહીં? પરંતુ એ તો નક્કી જ છે કે, એ મૃતદેહ શુભાનો નથી જ. સો ટકા નથી. જો એ શુભા નથી, તો મારી શુભા ક્યાં છે? એ કંઈ હાલતમાં છે? જીવે છે? કે?' બાકીનું વાક્ય તુલસી ગળી ગઈ.

**ક્રમશઃ વધુ આવતા અંકે...**

લેખકની કૃતિઓ અનેક પ્રકાશનોમાં છપાઈ ચૂકી છે. આપ સૌના મૂલ્યવાન સૂચન, મંતવ્યો તમે તેમને +91 94291 31129 પર વોટ્સએપ દ્વારા મોકલી શકો છો. કે bjpatel1970@gmail.com પર મોકલી શકો છો.

## સાપ્તાહિક રાશિફળ



Durgaprasad shastri
Astrology & vastu services

durgaprasadastro@gmail.com
Acharya Durgaprasad Shastri
India - 9376115884, 7574888002

### મેષ



(અ, લ, ઈ)

પરિવારની જવાબદારીઓ સારી રીતે નિભાવશો. તમારા ભવિષ્ય માટે રોકાણ ફાયદાકારક સાબિત થશે. પ્રોપર્ટીની ખરીદી અને વેચાણ સંબંધિત કામ માટે સમય સારો છે. ધાર્મિક અને સામાજિક કાર્યોમાં પણ થોડો સમય પસાર થશે. આળસને કારણે કામ કરવાની ઈચ્છા નહીં થાય. તમારી આ ઊણપને દૂર કરો અને તમારા કામ પ્રત્યે સમર્પિત રહો.

### વૃષભ



(બ.વ.ઉ)

આજનો સમય તમારા માટે મોટી સિદ્ધિઓ સર્જી રહ્યો છે. કોઈ સારા સમાચાર મળવાથી પરિવારમાં ખુશીનું વાતાવરણ રહેશે. તમે કેટલાક ખાસ નિર્ણયો લેશો, જે નજીકના ભવિષ્યમાં તમારા માટે ખૂબ ફાયદાકારક સાબિત થશે. મિત્રો સાથે અને આળસમાં તમારો સમય ન બગાડો. ક્યારેક વધારે પડતો અહંકાર અને જીદ હાનિકારક સાબિત થઈ શકે છે.

### મિથુન



(ક.છ.ઘ)

તમારા હૃદયને બદલે તમારા મગજનો ઉપયોગ કરો, આ તમને વધુ સારા નિર્ણયો લેવામાં મદદ કરશે. આર્થિક રીતે સમયની ગતિ તમારા પક્ષમાં છે. શિક્ષકો અને વડીલોનો સ્નેહ અને આશીર્વાદ જળવાઈ રહેશે. તમે કોઈ ધાર્મિક પ્રસંગમાં પણ સહયોગ કરશો. આ વાત ધ્યાનમાં રાખો કે અન્યની ટીકા કરવાથી તમે પોતે જ મુશ્કેલીમાં મુકાઈ જશો.

### કર્ક



(ડ.હ)

મિત્રો અને સંબંધીઓને મળવાની તક મળશે, રમૂજ અને મનોરંજનથી ભરેલું વાતાવરણ રહેશે. વ્યસ્ત હોવા છતાં તમે તમારા અંગત કાર્યો સરળતાથી પૂર્ણ કરશો. આત્મનિરીક્ષણમાં પણ થોડો સમય વિતાવો. યુવાનો અને વિદ્યાર્થીઓ પોતાના પ્રયત્નોમાં નિષ્ફળતાના કારણે ચિંતિત રહેશે. અન્યની સલાહને અનુસરતા પહેલાં કાળજીપૂર્વક વિચારવાનું નિશ્ચિત કરો.

### સિંહ



(મ.ટ)

સમય અનુકૂળ છે. મોટાભાગના ગ્રહો તમને કંઈક સારું આપવાનો પ્રયાસ કરી રહ્યા છે. તમે તમારી અંદર અદ્ભુત આત્મવિશ્વાસ અનુભવશો. તમારી કાર્યક્ષમતા પણ વધશે. યુવાનોને તેમની ઈચ્છા મુજબ કોઈ સિદ્ધિ મળશે. ક્યારેક તમારો ગુસ્સો અને ઉતાવળ તમારા માટે મુશ્કેલી ઊભી કરી શકે છે. જેના કારણે વાતાવરણ નકારાત્મક બની જઈ શકે છે.

### કન્યા



(પ.ઠ.ણ)

તમને મીડિયા અને સંપર્કો દ્વારા કેટલીક નવી માહિતી મળશે, જે ફાયદાકારક રહેશે. આર્થિક સ્થિતિને મજબૂત કરવાના તમારા પ્રયાસો ઘણી હદ સુધી સફળ થશે. બાળકો તેમના અભ્યાસ પ્રત્યે સજાગ રહેશે.: આળસ અને બેદરકારીથી દૂર રહો. યુવાનોને કોઈ કારણસર તેમની કારકિર્દીની યોજનાઓ પર પુનર્વિચાર કરવો પડી શકે છે.

### તુલા



(ર.ત)

તમારા કાર્યો જાતે પૂરા કરવાનો પ્રયાસ કરો. બીજાઓ પાસેથી અપેક્ષાઓ રાખવાથી તમારી કાર્યક્ષમતા ઘટશે. તમારી મહેનત અને સારી જીવનશૈલી સકારાત્મક પરિણામ આપશે. વિદ્યાર્થીઓ અને યુવાનોને તેમની ક્ષમતા મુજબ કાર્ય પૂર્ણ કરવામાં મદદ મળશે. વિરોધીઓ તમારી વિરુદ્ધ ષડયંત્ર રચી શકે છે. સાવચેત રહો અને ઘણા બધા સંપર્કો જાળવો નહીં.

### વૃશ્ચિક



(ન.ય)

સંતાનની કારકિર્દી અને શિક્ષણ સંબંધિત કોઈપણ ચિંતાનો ઉકેલ મળવાથી તમને રાહત મળશે. અને તમે તમારા અંગત કામમાં પણ ધ્યાન કેન્દ્રિત કરી શકશો. તમારા કામમાં વધુ વિશ્વાસ રાખવો તમારા માટે ફાયદાકારક રહેશે. ધ્યાન રાખો કે મહેનત કરશો તો જ ભાગ્ય તમારો સાથ આપશે. વરિષ્ઠ સભ્યોના માનમાં કમી ન આવવા દો.

### ધન



(ભ.ફ.ધ.ઢ)

તમારો આત્મવિશ્વાસ અને મહેનત તમને તમારા કાર્યમાં સફળતા અપાવશે. સમાજમાં તમારું સન્માન અને સર્વોપરીતા જળવાઈ રહેશે અને તમારી ઓળખ બનશે. તમે કોઈપણ કાર્ય પૂર્ણ કરી શકશો. યુવાનોને કોઈ નવી તક મળી શકે છે. ક્યારેક પ્રતિકૂળ સંજોગોમાં સમસ્યા ઊભી થઈ શકે છે. પરંતુ તમે થોડા જ સમયમાં તેને પાર કરી શકશો.

### મકર



(ખ.જ)

ખાસ લોકોની વચ્ચે થોડો સમય વિતાવવાથી તમારા વ્યક્તિત્વમાં પણ નિખાર આવશે. ધાર્મિક અને આધ્યાત્મિક પ્રવૃત્તિઓમાં વિશ્વાસ વધવાથી તમારી વિચારસરણી પણ સકારાત્મક અને સંતુલિત બનશે. આર્થિક બાબતોમાં સુધારો થશે. આળસ અને બેદરકારીના કારણે ઘણા કાર્યોમાં વિલંબ થશે. ખોટા શબ્દોનો ઉપયોગ સંબંધોને અસર કરી શકે છે.

### કુંભ



(ગ.સ.શ.ષ)

દરેક કામ વ્યવસ્થિત રીતે કરવું અને તાલમેલ જાળવવો એ તમારી મહત્ત્વની ગુણવત્તા છે. તમારી ઉર્જાનો ભરપૂર ઉપયોગ કરો. અને તમારા કામ પ્રત્યે ધ્યાન કેન્દ્રિત રાખો. તમારા માટે કેટલીક ફાયદાકારક પરિસ્થિતિઓ પણ ઊભી થશે. ઘર સંબંધિત કેટલાક કામને કારણે તણાવ થઈ શકે છે, કોઈની સાથે કોઈ સોદો અથવા લેવડદેવડ કરતી વખતે ખૂબ કાળજી રાખો.

### મીન



(દ.ચ.ઝ.થ)

દિલની જગ્યાએ મનથી કામ કરવાનો આ સમય છે. તમારા લક્ષ્યો અને આશાઓ વિશે તમે જે સપનાઓ અને અપેક્ષાઓ રાખી હતી તે પૂર્ણ કરવાનો સમય આવી ગયો છે. તેથી, પૂરા ઉત્સાહ અને મહેનત સાથે તમારા કાર્ય તરફ આગળ વધતા રહો. બાળકો તેમના લક્ષ્યો તરફ ધ્યાન કેન્દ્રિત કરશે. આવકની સાથે-સાથે ખર્ચ પણ વધશે, જેના કારણે થોડું ટેન્શન થઈ શકે છે.



# રકુલ 'શૂર્પણખા'ના રોલમાં જોવા મળશે

## રણબીર સ્ટારર 'રામાયણ'માં એન્ટ્રી કરશે, ટૂંક સમયમાં વાસ્તવિક જીવનમાં લગ્ન કરશે...

■ મુંબઈ

નિતેશ તિવારીની ફિલ્મ 'રામાયણ' આ દિવસોમાં ચર્ચામાં છે. રિપોર્ટ્સનું માનીએ તો રકુલ પ્રીત હવે આ ફિલ્મમાં એન્ટ્રી કરી શકે છે. રકુલ 'રામાયણ'માં શૂર્પણખાનું પાત્ર ભજવતી જોવા મળશે. અભિનેત્રીએ તાજેતરમાં રાવણની બહેનના રોલ માટે લુક ટેસ્ટ પણ આપ્યો છે. જોકે, મેકર્સ કે રકુલ પ્રીતે હજુ સુધી આ અંગે કોઈ સત્તાવાર જાહેરાત કરી નથી. આ ફિલ્મમાં રણબીર કપૂર ભગવાન રામની ભૂમિકામાં જોવા મળશે. તમને જણાવી દઈએ કે, રકુલ પ્રીત તેના લાંબા સમયના બોયફ્રેન્ડ અને નિર્માતા જેકી ભગનાની સાથે 21 ફેબ્રુઆરીએ લગ્ન કરશે.

**'રામાયણ'માં જોવા મળશે આ ફિલ્મ સ્ટાર્સઃ** શરૂઆતમાં સીતાના કાસ્ટિંગને લઈને ઘણી અભિનેત્રીઓનાં નામ સામે આવ્યાં હતાં. આ પહેલા સમાચાર આવ્યા હતા કે સાઉથ એક્ટ્રેસ સાઈ પલ્લવી આ ફિલ્મમાં સીતાનો રોલ પ્લે કરશે. આ પછી, તાજેતરમાં સમાચાર આવ્યા હતા કે મેકર્સ સીતાના રોલ માટે જાહ્નવી કપૂરનો સંપર્ક કરી રહ્યા છે. જાહ્નવી કપૂરના સંપર્કમાં આવવાના આ સમાચારને નિર્માતાઓએ નકારી કાઢ્યા હતા. તેમણે કહ્યું કે આ એક અફવા છે. અમારી ટીમે સીતાના રોલ માટે સાઈ પલ્લવી અને આલિયા ભટ્ટમાંથી એક અભિનેત્રીની પસંદગી કરવાની હતી. જોકે, મેકર્સે આ રોલ માટે સાઈ પલ્લવીને ફાઈનલ કરી હતી. હનુમાનજીના રોલ માટે સની દેઓલને સાઈન કરવામાં આવ્યો છે. સાઉથ એક્ટર યશ રાવણનું પાત્ર ભજવતો જોવા મળશે. ફિલ્મનું શૂટિંગ આ વર્ષે એપ્રિલથી શરૂ થશે.

**રકુલ અને જેકી 2 વર્ષથી રિલેશનશિપમાં છેઃ** જેકી ભગનાની અને રકુલ પ્રીત છેલ્લા 2 વર્ષથી રિલેશનશિપમાં છે. રકુલે 2022 માં તેના જન્મદિવસ પર એક રોમેન્ટિક ફોટો પોસ્ટ કરીને જેકી સાથેના તેના સંબંધોની પુષ્ટિ કરી હતી. તેણે જેકીને તે વર્ષની 'સૌથી મોટી ભેટ' ગણાવી હતી. તેની લવ સ્ટોરી વિશે, રકુલે એક ઈન્ટરવ્યૂમાં કહ્યું હતું કે તે બંને પાડોશી હતા, પરંતુ તેઓએ ક્યારેય વાત કરી ન હતી. ત્યારબાદ બંનેની મુલાકાત એક કોમન ફ્રેન્ડ દ્વારા થઈ હતી.

## સ્પિરિટ ફિલ્મમાં પ્રભાસ સાથે રશ્મિકા મંદાના , એનિમલના ડાયરેક્ટરે બીજી ફિલ્મ ઓફર કરી

મુંબઈ : 'એનિમલ'ના ડાયરેક્ટર સંદિપ રેડ્ડી વાંગાએ પોતાની આગામી ફિલ્મ 'સ્પિરિટ'માં રશ્મિકા મંદાનાને ફરી રિપીટ કરી હોવાનું કહેવાય છે. આ ફિલ્મમાં રશ્મિકાનો





હિરો પ્રભાસ હશે. પ્રભાસ અને રશ્મિકા પહેલીવાર હિરો-હિરોઈન તરીકે સાથે દેખાશે. 'પુષ્પા' ફિલ્મથી જાણીતી બનેલી રશ્મિકા મંદાના 'એનિમલ' ફિલ્મની સફળતા બાદ ટોચની હિરોઈન બની ચુકી છે. હવે 'એનિમલ'ના ડાયરેક્ટર સંદિપ રેડ્ડી વાંગાએ પોતાની નવી ફિલ્મમાં રશ્મિકાને ફરી તક આપી છે. જોકે, આ મુદ્દે સંદિપ રેડ્ડી વાંગા કે રશ્મિકા તરફથી હજુ કોઈ સત્તાવાર ઘોષણા થઈ નથી. સંદિપ રેડ્ડી વાંગા આ ફિલ્મનું શૂટિંગ આગામી સપ્ટેમ્બરથી શરુ કરી દેવાના છે. રશ્મિકા મંદાનાની ફિલ્મ 'પુષ્પા ટૂ' આગામી ઓગસ્ટમાં રીલીઝ થવાની છે.



# સામંથા રુથ પ્રભુની 1 વર્ષ બાદ ફરી એન્ટ્રી

## માયોસાઈટિસને કારણે લોંગ બ્રેક લીધો, કમબેક પ્રોજેક્ટ વિશે હજુ કોઈ માહિતી નહીં

■ મુંબઈ

માયોસાઈટિસ નામની ઓટો ઈમ્યૂન બીમારીના કારણે એક્ટિંગ તથા ઈવેન્ટસમાં હાજરી અને મોડેલિંગ સહિતની કેરિયરમાંથી એક વર્ષનો બ્રેક લેનારી સાઉથની હોટ હિરોઈન સામંથા રુથ પ્રભુએ હવે પોતે ફરી કામ શરુ કર્યું હોવાની જાહેરાત કરી છે. જોકે, સામંથા કઈ ફિલ્મ કે વેબ સીરીઝથી પુનરાગમન કરી રહી છે તે તત્કાળ જાણવા મળ્યું નથી. સાઉથના વર્તુળોના મતે હાલ સામંથા માટે પુનરાગમન મુશ્કેલ છે. આવતાં બે વર્ષમાં આવી રહેલા મોટાભાગના પ્રોજેક્ટસ માટે હિરોઈનો ફાઈનલ થઈ ચુકી છે. સામંથાએ આ એક વર્ષનો વિરામ લીધો તે દરમિયાન તેના અને એક્સ હસબન્ડ નાગા ચૈતન્ય વચ્ચે પેચ અપ થઈ ગયાની પણ વાત ફેલાઈ હતી. તે પછી સામંથા અને નાગા ચૈતન્ય કોઈ ફિલ્મમાં સાથે કોલબરેશન કરશે કે કેમ તે અંગે પણ અટકળો ચાલી રહી છે. સામંથાના પોતાના જણાવ્યા અનુસાર તે હાલ એક પોડકાસ્ટમાં વ્યસ્ત હતી. સામંથાને ' પુષ્પા' ફિલ્મના ઓ અંટવા ગીતથી પોપ્યુલારિટી મળી હતી. હવે 'પુષ્પા'નો બીજો ભાગ બની રહ્યો છે.

# સંજય લીલા ભણસાલી સાથે રામચરણ જોવા મળશે!

## ■ સુપ્રસિદ્ધ રાજપૂત યોદ્ધાના રોલમાં જોવા મળશે

■ નવી દિલ્લી



થોડા સમય પહેલાં સંજય લીલા ભણસાલીએ ફિલ્મ 'લવ એન્ડ વોર'ની જાહેરાત કરી છે. જેમાં તેમણે રણબીર કપૂર, આલિયા ભટ્ટ અને વિકી કૌશલને કાસ્ટ કર્યા છે. આ વેબ સિરીઝ હિરામંડી માટે પણ ચર્ચામાં છે. હવે સમાચાર સામે આવ્યા છે કે તેઓ નવી પાન ઈન્ડિયા ફિલ્મ બનાવવાની તૈયારી કરે છે. રિપોર્ટ્સ અનુસાર, આ ફિલ્મમાં સાઉથના સુપરસ્ટાર રામ ચરણને કાસ્ટ કરશે. ફિલ્મની વાર્તા અમીશ ત્રિપાઠીના પુસ્તક 'ધ લિજેન્ડ ઓફ સુહેલદેવ' પર આધારિત છે.

સૂત્રોનું કહેવું છે કે ભણસાલીની આગામી સમગ્ર ભારત ફિલ્મ અમીષ ત્રિપાઠીના પુસ્તક 'ધ લિજેન્ડ ઓફ સુહેલદેવ' પર આધારિત છે. સુહેલદેવના રોલ માટે તેમની ટીમે થોડા સમય પહેલાં રામ ચરણનો સંપર્ક કર્યો હતો. રામ ચરણે ફિલ્મની સ્ક્રિપ્ટ વાંચી છે. જો તેની ઈચ્છા મુજબ બધુ બરાબર થશે તો તે આ ફિલ્મમાં રાજપૂત યોદ્ધા સુહેલદેવની ભૂમિકામાં જોવા મળશે. અહેવાલોમાં દાવો કરવામાં આવ્યો છે કે ફિલ્મની સત્તાવાર જાહેરાત થોડા સમયમાં કરવામાં આવશે.

# લોકો હજુ પણ મને અભિનેતા આમિર ખાનની પત્ની તરીકે જ ઓળખે છેઃ ફિલ્મ ડાયરેક્ટર કિરણ

## ■ લોકોને મારું નામ ખબર હોતી નથી, મારી પોતાની ઓળખ ભૂંસાઈ ગઈ છે

■ મુંબઈ

આમિર ખાનની ભૂતપૂર્વ પત્ની કિરણ રાવે એવું નિવેદન આપ્યું છે કે હજુ પણ લોકો મને આમિર ખાનની પત્ની તરીકે જ ઓળખે છે. મારી પોતાની ઓળખ જાણે ભૂંસાઈ ગઈ છે. કેટલાય લોકોને તો મારું નામ જ ખબર હોતી નથી. તેઓ મારો ઉલ્લેખ આમિરની પત્ની તરીકે જ કરે છે કે એ રીતે જ મને સંબોધે છે. સાંયોગિક રીતે કિરણ રાવ અને આમિરનાં સંયુક્ત પ્રોડક્શન હેઠળની આગામી ફિલ્મ આવી રહી છે તેનું નામ 'લાપતા લેડીઝ' છે. તે પૂર્વે જ કિરણે આ રીતે પોતાની ઓળખ ભૂંસાઈ ગયું હોવાનું નિવેદન કર્યું છે. આમિર ખાન અને કિરણ રાવના બે વર્ષ પહેલાં છૂટાછેડા થઈ ગયા છે પરંતુ તેઓ હંમેશાં અનેક પ્રસંગોએ સાથે જ જોવા મળે છે. તાજેતરમાં આમિર અને તેની પત્ની રીનાની દીકરી આયરાનાં લગ્ન હતાં તો તેની દરેક વિધિમાં પણ કિરણ રાવે પરિવારના સભ્યની જેમ જ ભાગ લીધો હતો. બંને સાથે મળીને ફિલ્મો પ્રોડયૂસ પણ કરે છે. કિરણ રાવના મતે આમિરને તેને હવે એક ક્રિએટિવ પાર્ટનરની જેમ જુએ છે. કિરણના જણાવ્યા અનુસાર મારી જગ્યાએ અન્ય કોઈ વ્યક્તિ હોત તો તે ડિપ્રેશનમાં જતી રહી હોત. પરંતુ, હવે હું આ સંબોધનથી ટેવાઈ ગઈ છે. કોઈ મને તમે આમિરની પત્ની છો ને, એમ પૂછે તો હું તેમાં સુધારો કરીને કહી દઉં છું કે હું તેની એક્સ વાઈફ છું.



# 218 દિવસ બાદ ફરી રો'હિટ'

## રાજકોટમાં પહેલી અને ટેસ્ટમાં 11મી સદી, હજુ તેના બેટમાં અનેક રન નીકળશે તેવી સંભાવના

## સક્રિય ક્રિકેટરોમાં વિરાટ કોહલીના નામે સૌથી વધુ સદી છે, પણ રોહિત બહુ પાછળ નથી

■ રાજકોટ

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે 5 મેચની ટેસ્ટ સીરિઝની ત્રીજી મેચ રાજકોટમાં રમાઈ રહી છે. આ મેચમાં રોહિત શર્માએ ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. પરંતુ ભારતની શરૂઆત સારી રહી ન હતી. ભારતે 33 રનના સ્કોર પર 3 વિકેટ ગુમાવી દીધી હતી. આ પછી કેપ્ટન રોહિત શર્માએ ઈનિંગ સંભાળી અને ધીરજ સાથે પોતાની ઈનિંગ આગળ વધારવાની શરૂઆત કરી અને 218 દિવસ બાદ સદી ફટકારી હતી. રોહિત શર્માએ રાજકોટમાં તેના ટેસ્ટ કરિયરની 11મી સદી ફટકારી હતી.

### ભારતીય ઓપનરે ટેસ્ટ ક્રિકેટમાં ફટકારી 11મી સદી

રોહિત શર્માએ ટેસ્ટ ક્રિકેટમાં છેલ્લે વેસ્ટ ઈન્ડિઝ સામે જુલાઈ 2023માં સદી ફટકારી હતી. રોહિત શર્માએ તેના ટેસ્ટ કરિયરની આ 11મી સદી 158 બોલમાં ફટકારી હતી. તેણે 11 ચોગ્ગા અને 2 છગ્ગા ફટકાર્યા હતા. રાજકોટમાં આ રોહિતની પ્રથમ સદી છે. ઈંગ્લેન્ડ સામે આ તેની ત્રીજી ટેસ્ટ સદી છે. રોહિત શર્માએ ચેન્નઈમાં ફેબ્રુઆરી 2021માં ઈંગ્લેન્ડ સામે તેના ટેસ્ટ કરિયરની પ્રથમ સદી ફટકારી હતી અને 161 રનની ઈનિંગ રમી હતી અને ત્યારબાદ તેણે સપ્ટેમ્બર 2021માં બીજી સદી ફટકારી હતી અને 127 રનની ઈનિંગ રમી હતી.

### જો રૂટને છોડ્યો પાછળ

આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં રોહિત શર્માની આ 47મી સદી હતી અને તે સક્રિય ખેલાડીઓમાં સૌથી વધુ સદી ફટકારનારા બેટર્સની યાદીમાં ત્રીજા સ્થાને પહોંચી ગયો છે. આ સાથે તેણે જો રૂટને પાછળ છોડી દીધો છે. સક્રિય ક્રિકેટરોમાં વિરાટ કોહલીના નામે સૌથી વધુ 80 સદી છે, જ્યારે ડેવિડ વોર્નર 49 સદી સાથે બીજા સ્થાને છે. જો રૂટ હવે 46 સદી સાથે ચોથા સ્થાને છે.



# રાજકોટમાં રવિચંદ્રન અશ્વિનની ટેસ્ટમાં 500 વિકેટ

## ઈંગ્લેન્ડના ક્રિકેટર જેક ક્રાઉલીને આઉટ કરીને ભારતીય બોલરે સિદ્ધિ મેળવી

■ રાજકોટ

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે 5 ટેસ્ટ શ્રેણીની ત્રીજી મેચ રાજકોટમાં રમાઈ રહી છે. નિરંજન શાહ સ્ટેડિયમમાં ભારતે પ્રથમ દાવમાં 445 રન બનાવ્યા હતા. રોહિત શર્માએ 131 અને રવીન્દ્ર જાડેજાએ 112 રન બનાવ્યા હતા. માર્ક વુડે 4 વિકેટ લીધી હતી.

રવિચંદ્રન અશ્વિને ટેસ્ટ ક્રિકેટમાં 500મી વિકેટ ઝડપી છે. તેણે જેક ક્રોલીને આઉટ કર્યો હતો. અશ્વિન ટેસ્ટમાં 500 શિકાર કરનાર બીજો ભારતીય બોલર બન્યો છે. ભારતના પૂર્વ લેગ સ્પિનર અનિલ કુંબલેએ 619 વિકેટ લીધી છે. ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાઈ રહેલી રાજકોટ ટેસ્ટ મેચમાં ઓફ સ્પિનર રવિચંદ્રન અશ્વિને ઈતિહાસ રચ્યો છે. અશ્વિને ટેસ્ટમાં 500 વિકેટ પૂરી કરી લીધી છે. અશ્વિને મેચના બીજા દિવસે (16 ફેબ્રુઆરી) જેક ક્રાઉલીને આઉટ કરીને આ ઐતિહાસિક સિદ્ધિ મેળવી હતી. રવિચંદ્રન અશ્વિન ટેસ્ટમાં 500 વિકેટનો આંકડો પાર કરનાર બીજો ભારતીય ખેલાડી છે.




## NEWS FILE

### ચોગ્ગા-છગ્ગા લગાવતો નજરે પડશે યુવરાજ સિંહ, ન્યૂયોર્ક સ્ટ્રાઈકર્સ ટીમે બનાવ્યો કેપ્ટન



નવી દિલ્લીઃ ભારતના પૂર્વ ક્રિકેટર યુવરાજ સિંહને બુધવારે આગામી લેજેન્ડ્સ ક્રિકેટ ટ્રોફી (LCT) સિઝન2 માટે ન્યૂયોર્ક સુપરસ્ટાર સ્ટ્રાઈકર્સનો કેપ્ટન બનાવવામાં આવ્યો છે. આ ટીમમાં બાબર આઝમ, રાશિદ ખાન, કીરોન પોલાર્ડ, ઈમામ ઉલ હક, નસીમ શાહ, મથીશા પથિરાના, રહેમાનુલ્લાહ ગુરબાઝ, આસિફ અલી અને મોહમ્મદ આમિર જેવા ખેલાડીઓનો સમાવેશ થાય છે. ન્યૂયોર્ક સ્ટ્રાઈકર્સે આ બાબતે જણાવ્યું હતું કે, યુવરાજને સામેલ કરવાથી ટીમમાં કુશળતા, કૌશલ્ય અને નેતૃત્વ ક્ષમતા વધશે. જેના કારણે ટુર્નામેન્ટની આગામી સીઝનમાં ન્યૂયોર્ક સુપરસ્ટાર સ્ટ્રાઈકર્સને મજબૂત બનાવે છે.

### અફઘાનિસ્તાનનો મોહમ્મદ નબી બન્યો વિશ્વનો નંબર-1 ઓલરાઉન્ડર



દુબઈઃ અફઘાનિસ્તાનનો દમદાર ખેલાડી મોહમ્મદ નબી ODI ઓલરાઉન્ડર્સની રેન્કિંગમાં ટોચના સ્થાને પહોંચી ગયો છે. આઈસીસીએ તાજેતરમાં લેટેસ્ટ રેન્કિંગ જાહેર કરી હતી. જેમાં મોહમ્મદ નબી નંબર 1 પર પહોંચી ગયો છે. અગાઉ ODI ઓલરાઉન્ડર્સની રેન્કિંગમાં બાંગ્લાદેશના શાકિબ અલ હસનનો ટોચના ક્રમે કબજો હતો. શાકિબ હવે એક સ્થાન સરકીને બીજા સ્થાને પહોંચી ગયો છે. નબીની વાત કરીએ તો તેણે તાજેતરમાં જ શ્રીલંકા સામે તોફાની સદી ફટકારી હતી. જોકે અફઘાન ટીમ આ મેચ હારી ગઈ હતી. ખરેખર શ્રીલંકા અને અફઘાનિસ્તાન વચ્ચે ત્રણ મેચની વનડે શ્રેણી રમાઈ રહી છે. શ્રીલંકાએ શ્રેણીની પ્રથમ બે મેચ જીતી લીધી હતી.

# રાજકોટમાં બે ગુજરાતી ક્રિકેટર્સનું થયું સન્માન

## « ક્રિકેટમાં પોતાના શાનદાર યોગદાન બદલ સન્માન

■ રાજકોટ

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાઈ રહેલી 5 મેચોની ટેસ્ટ સીરિઝની ત્રીજી મેચ રાજકોટના સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિયેશન સ્ટેડિયમમાં રમાઈ રહી છે. આ મેચ પહેલા ભારતીય ટીમના ઓલરાઉન્ડર રવિન્દ્ર જાડેજા અને બેટર ચેતેશ્વર પૂજારાનું સન્માન કરવામાં આવ્યું હતું. સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિયેશન દ્વારા એક ભવ્ય સમારંભમાં જાડેજા અને પૂજારાનું ભારતીય ટીમમાં એક દાયકા કરતાં વધુ સમયના યોગદાન બદલ સન્માન કરવામાં આવ્યું હતું. રવિન્દ્ર જાડેજા અને ચેતેશ્વર પૂજારા સૌરાષ્ટ્ર માટે ફર્સ્ટ ક્લાસ ક્રિકેટ રમ્યા હતા. પૂજારા તાજેતરમાં રમાઈ રહેલી રણજી ટ્રોફી 2023-24માં પણ સૌરાષ્ટ્ર માટે રમી રહ્યો છે. ભારતીય ટીમ તરફથી રમતા પહેલા પૂજારા અને જાડેજા સૌરાષ્ટ્ર માટે સાથે રમતા હતા. પૂજારાએ કહ્યું, "મને હજુ પણ યાદ છે કે જ્યારે મેં આ રમત શીખવાનું શરૂ કર્યું હતું. આ મારું હોમ ગ્રાઉન્ડ છે અને જ્યારે હું પ્રથમવાર અંડર-14 સ્તરે સૌરાષ્ટ્ર માટે રમ્યો હતો, ત્યારે રવિન્દ્ર અને હું સાથે હતા. મારી અંડર-14 ટીમમાં પસંદગી થઈ હતી. હું ક્રિકેટ રમવા માંગતો ન હતો કારણ કે હું મારા પરિવારને મિસ કરી રહ્યો હતો.





# અબુ ધાબીને મળ્યું પહેલું હિન્દુ મંદિર

**પ્રધાનમંત્રી મોદીએ UAEમાં પ્રથમ હિન્દુ મંદિરનું લોકાર્પણ કર્યું**

**આ મંદિર આખી દુનિયા માટે એક ઉદાહરણ છે: PM મોદી**

**આમાં સૌથી મોટો ફાળો મારા ભાઈ શેખ જાયેદનો છે: PM મોદી**

## 1500 મંદિરોમાં થઈ એકસાથે આરતી થઈ, દુનિયાના અનેક લોકોએ મંદિરના વખાણ કર્યા





■ અબુધાબી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે UAEના અબુ ધાબીમાં પ્રથમ હિન્દુ મંદિરનું લોકાર્પણ કર્યું. તેમણે અહીં પૂજા કરી. આ પછી મંદિરના પ્રાંગણમાં બનેલા હોલમાં હાજર લોકોને સંબોધતા મોદીએ કહ્યું- આ મંદિર વિશ્વ માટે એક ઉદાહરણ છે. આમાં સૌથી મોટો ફાળો મારા ભાઈ શેખ ઝાયેદનો છે. 140 કરોડ ભારતીયો મારા આરાધ્ય દેવ છે. અબુધાબીનું આ મંદિર 27 એકરમાં ફેલાયેલું છે અને બોચાસણ નિવાસી શ્રી અક્ષર પુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા એટલે કે BAPS દ્વારા બનાવવામાં આવ્યું છે. બાંધકામ પાછળ 700 કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. મોદી 13 જાન્યુઆરીએ અબુધાબી પહોંચ્યા હતા. અહીં તેઓ રાષ્ટ્રપતિ ઝાયેદ અલ નાહયાનને મળ્યા હતા. આ દરમિયાન બંને નેતાઓ વચ્ચે મુલાકાત થઈ હતી. PM મોદીએ 13 ફેબ્રુઆરીએ ભારતીય સમુદાયને પણ સંબોધિત કર્યા હતા. આ દરમિયાન કહેવામાં આવ્યું - રાષ્ટ્રપતિ નાહયાને એક ક્ષણ પણ બગાડ્યા વિના મંદિરના પ્રસ્તાવ પર હા પાડી દીધી હતી. તેમણે મને ત્યાં સુધી કહ્યું કે હું મંદિર માટે જ્યાં પણ રેખા ખેંચીશ, તેઓ મને તે જમીન આપી દેશે...

### ભારતીય શ્રમિકો માટે હોસ્પિટલ પણ બનાવવામાં આવશે

મિત્રો, આજે હું આ ભવ્ય અને પવિત્ર સ્થળ પરથી વધુ એક સારા સમાચાર આપવા માગુ છું. આજે UAEના ઉપરાષ્ટ્રપતિએ ભારતીય કામદારો માટે હોસ્પિટલ બનાવવા માટે જમીન આપવાની જાહેરાત કરી છે. હું તેમનો અને મારા ભાઈ શેખ બિન ઝાયેદનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું. મિત્રો, આજે અબુ ધાબીમાં મળેલી ખુશીની લહેરથી અયોધ્યાનો આનંદ વધુ વધી ગયો છે.

# સોનિયા ગાંધીનો રાયબરેલીના લોકોને ભાવુક પત્ર

**'આરોગ્ય અને ઉંમરના કારણે હું લોકસભા ચૂંટણી નહીં લડી શકું'**

■ નવી દિલ્લી

નવી દિલ્લીઃ કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ સોનિયા ગાંધીએ ઉત્તરપ્રદેશના રાયબરેલીના લોકોને ગુરુવારે એક પત્ર લખ્યો છે. તેમણે જિલ્લાની જનતાએ આપેલા સમર્થન બદલ આભાર વ્યક્ત કર્યો છે. આ ઉપરાંત તેમણે રાબરેલીની લોકસભા ચૂંટણી ન લડવાનું કારણ પણ જણાવ્યું છે. તેઓ 2004થી સતત રાયબરેલીની લોકસભા બેઠક પરથી જીતતા આવ્યા છે. આવું પ્રથમવાર બન્યું છે કે, તેઓ ત્યાંથી ચૂંટણી નહીં લડે. તેમણે કહ્યું કે, આરોગ્ય અને ઉંમરને ધ્યાને રાખી મેં લોકસભા ચૂંટણી ન લડવાનો નિર્ણય કર્યો છે. સોનિયા ગાંધીએ કહ્યું કે, 'મારો પરિવાર દિલ્હીમાં અધૂરો છે, તેથી રાયબરેલીમાં આવી, આપ સૌને મળ્યા બાદ મારો પરિવાર પૂરો થાય છે. આપણા સંબંધો ઘણા જ જૂના છે અને સૌભાગ્યની જેમ સાસરુ પણ મળ્યું છે.



## NEWS FILE

### કેન્સરની વેક્સિન તૈયાર થવાની અણીએ: રાષ્ટ્રપતિ પુતિન



મોસ્કો : યુક્રેન સાથે ચાલી રહેલા યુધ્ધ વચ્ચે રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમિર પુતિને મોટો દાવો કર્યો છે. તેમનુ કહેવુ છે કે, રશિયા કેન્સર માટેની રસી બનાવવા તરફ આગલ વધી રહ્યુ છે અને હવે આ રસી બનાવવાની કામગીરી અંતિમ તબક્કામાં છે. પુતિને મોસ્કો ફોરમની બેઠકમાં પોતાના સંબોધન દરમિયાન કહ્યુ હતુ કે, મને આશા છે કે, આ રસીનો ઉપયોગ બહુ જલ્દી શરુ કરવામાં આવશે. જોકે તેમણે આ રસી કયા પ્રકારના કેન્સર માટે કામ આવશે તેનો ખુલાસો કર્યો નહોતો. ઉલ્લેખનીય છે કે, ભારત સહિત ઘણા દેશો હાલમાં કેન્સરની રસી પર કામ કરી રહ્યા છે. દુનિયામાં જ્યારે કોરોના વાયરસે કોહરામ મચાવ્યો હતો

### ફારુખ અબ્દુલ્લાની પાર્ટી લોકસભા ચૂંટણી એકલી લડશે

નવી દિલ્લીઃ દિલ્હી, પંજાબ અને ઉત્તર પ્રદેશ બાદ હવે જમ્મુ અને કાશ્મીરમાં વિપક્ષી ગઠબંધન I.N.D.I.A.ને મોટો ઝટકો લાગ્યો છે. નેશનલ કોન્ફરન્સના અધ્યક્ષ ફારૂક અબ્દુલ્લાએ જમ્મુ અને કાશ્મીરની તમામ 5 લોકસભા બેઠકો પર એકલા હાથે ચૂંટણી લડવાનો નિર્ણય કર્યો છે. તેમના અચાનક નિર્ણયથી મુખ્ય વિપક્ષી પાર્ટી કોંગ્રેસ માટે મોટો ઝટકો માનવામાં આવી રહ્યો છે. I.N.D.I.A. બ્લોકને મોટો ઝટકો આપતા નેશનલ કોન્ફરન્સના અધ્યક્ષ અને શ્રીનગર મતવિસ્તારના હાલના સાંસદ ડૉ. ફારુક અબ્દુલ્લાએ પત્રકારો સાથે વાત કરતાં જણાવ્યું હતું.

### ઓસ્ટ્રેલિયામાં પુસ્તકોમાંથી કેલેરી જેવા શબ્દો હટાવ્યા



કેનબરાઃ ઓસ્ટ્રેલિયામાં બાળકોમાં ખોરાક સાથે સંબંધિત વિકારોને રોકવા માટે સ્કૂલના સિલેબસમાં મોટો ફેરફાર લવાઈ રહ્યો છે. ઓસ્ટ્રેલિયાની કરિકુલમ એસેસમેન્ટ એન્ડ રિપોર્ટિંગ ઓથોરિટીએ બીએમઆઈ, વજન, કેલેરી અને ડાયેટિંગ જેવા શબ્દોના સેંકડો સંદર્ભ સ્કૂલનાં પુસ્તકોમાંથી હટાવી દીધા છે. તેને 'સંતુલિત પોષણ' જેવી શબ્દાવલીથી બદલાવી દેવાયા છે. ખાણી-પીણી સંબંધિત વિકારોવાળાં બાળકો, યુવાનોના ઉપચારમાં નિષ્ણાત ડો. વિવિએન લુઈસવનું કહેવું છે કે લોકો ઘણીવાર પોતાના કે અન્યોનાં શરીરના આકાર અને ખાણી-પીણી પર શરમ દર્શાવવા 'જાડા' જેવા શબ્દનો ઉપયોગ કરે છે.

# તાત્કાલિક અસરથી ઈલેક્ટોરલ બોન્ડ પર સુપ્રીમ કોર્ટે રોક લગાવી

### કહ્યું- આ સ્કીમ ગેરબંધારણીય, સૂચનાના અધિકારનું ઉલ્લંઘન

■ નવી દિલ્હી

લોકસભા ચૂંટણીની જાહેરાત પહેલાં સુપ્રીમ કોર્ટે ઈલેક્ટોરલ બોન્ડ મામલે મોટો ચુકાદો સંભળાવ્યો છે. સુપ્રીમ કોર્ટે ગુરુવારે ચૂંટણી બોન્ડ દ્વારા ડોનેશન લેવા પર પ્રતિબંધ મૂક્યો છે. કોર્ટે કહ્યું કે બોન્ડની ગુપ્તતા જાળવી રાખવી એ ગેરબંધારણીય છે. આ સ્કીમ માહિતીના અધિકારનું ઉલ્લંઘન છે. 6 માર્ચ સુધીમાં પાર્ટીઓ હિસાબ આપે. 5 જજોની બેન્ચે સર્વસંમતિથી ચુકાદો સંભળાવ્યો હતો. ચીફ જસ્ટિસે કહ્યું, 'પોલિટિકલ પ્રક્રિયામાં રાજકીય દળો મહત્ત્વપૂર્ણ એકમ છે. રાજકીય ભંડોળની માહિતી, તે એવી પ્રક્રિયા છે જેના દ્વારા મતદારને પોતાનો મત આપવા માટે યોગ્ય પસંદગી મળે છે. મતદારોને ચૂંટણી ભંડોળ વિશે જાણવાનો અધિકાર છે, જેનાથી મતદાન માટે યોગ્ય પસંદગી કરવામાં આવે છે. આ સાથે પણ કહ્યું કે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI) 12 એપ્રિલ, 2019 થી અત્યાર સુધી ખરીદવામાં આવેલ ચૂંટણી બોન્ડ વિશે માહિતી ચૂંટણીપંચને જણાવે.

### દિવંગત અરુણ જેટલીએ ઈલેક્ટોરલ બોન્ડની જાહેરાત કરી હતી



આ યોજનાને 2017માં જ પડકારવામાં આવી હતી, પરંતુ સુનાવણી 2019માં શરૂ થઈ હતી. 12 એપ્રિલ, 2019ના રોજ, સુપ્રીમ કોર્ટે તમામ રાજકીય પક્ષોને 30 મે, 2019 સુધીમાં ચૂંટણીપંચને ચૂંટણી બોન્ડ સાથે સંબંધિત તમામ માહિતી એક પરબીડિયામાં સબમિટ કરવાનો નિર્દેશ આપ્યો હતો. જો કે, કોર્ટે આ યોજનાને અટકાવી ન હતી. બાદમાં ડિસેમ્બર, 2019માં, પિટિશનર એસોસિયેશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ (ADR)એ યોજના પર સ્ટે મૂકવા માટે અરજી દાખલ કરી. જેમાં મીડિયાના અહેવાલોને ટાંકીને જણાવવામાં આવ્યું હતું કે ચૂંટણીપંચ અને રિઝર્વ બેંકની ચૂંટણી બોન્ડ યોજના અંગેની ચિંતાઓને કેન્દ્ર સરકાર દ્વારા કેવી રીતે અવગણવામાં આવી હતી. આ અંગે સુનાવણી દરમિયાન પૂર્વ CJI એસએ બોબડેએ કહ્યું કે આ કેસની સુનાવણી જાન્યુઆરી 2020માં થશે. ચૂંટણીપંચ પોતાનો જવાબ દાખલ કરવા માટે સુનાવણી ફરીથી મુલતવી રાખવામાં આવી હતી.